# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 13-09-2026 I VOL : 12 I Issue : 178 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


**સુવિચાર**


પોતાની જાત સાથે સ્પર્ધા કરો. સફળતા ધીમે ધીમે મળે છે, પરંતુ ચોક્કસ મળે છે.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  પાટનગરને વિકાસની ભેટ, CM ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે 1,848 કરોડના...


4  BRICS સંગઠન પર કોંગ્રેસની આંતરિક ખેંચતાણ બાદ સ્પષ્ટતા

6  અભિનેત્રી કેટરિનાના ડાન્સને લઈને કોરિયોગ્રાફર બોસ્કોએ...

7  વસીમ અકરમે વૈભવ સૂર્યવંશીના વખાણ કર્યા


## એક નજર...

### સોનલ ચૌહાણનો સાડીમાં અંદાજ: ગ્લેમરસ અદા પર ફેન્સ ફિદા



સોનલ ચૌહાણે 'જન્નત' ફિલ્મથી બોલિવૂડમાં ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ફિલ્મોમાં આવતા પહેલા સોનલ મૉડેલિંગની દુનિયામાં સક્રિય હતી અને અનેક બ્યુટી કોન્ટેસ્ટમાં ભાગ લઈ ચૂકી હતી. સોનલ ચૌહાણને ફિલ્મ 'જન્નત'માં ઝોયા માથુરના પાત્રથી દર્શકોમાં ખાસ ઓળખ મળી હતી. પોતાની ફિટનેસ, સ્ટાઈલ અને ગ્લેમરસ લુકને કારણે સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં રહે છે.

## NEWS TRACK

### ઈરાનના રાષ્ટ્રપતિ ભારતમાં છે ત્યારે ટ્રમ્પનું મોટું નિવેદન, 'હોર્મુઝ અમારા કંટ્રોલમાં, યુદ્ધ જલ્દી ખતમ થશે'

ભારતમાં યોજાયેલા BRICS શિખર સંમેલન (BRICS Summit) દરમિયાન મિડલ ઈસ્ટ અને ગલ્ફ ક્ષેત્રના તણાવને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. નવી દિલ્હીમાં ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથેની મુલાકાત દરમિયાન અમેરિકાને સ્પષ્ટ સલાહ આપતા કહ્યું કે, મિડલ ઈસ્ટને કોઈ 'રિજનલ પોલીસમેન' ની જરૂર નથી. બીજી તરફ, ડબલિનમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) માંથી જહાજોની અવરજવર, ઈરાન અને તેલ પુરવઠા અંગે દાવો કર્યો છે કે, સ્થિતિ જલ્દી થાળે પડી જશે અને યુદ્ધ ખૂબ જલ્દી પૂરું થશે. એશિયન કમ્યુનિટીમાં જોડાઓ ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાને શનિવારે નવી દિલ્હીમાં જણાવ્યું કે, આ ક્ષેત્રની સુરક્ષા અને તેની સીમાઓનું રક્ષણ અહીંના સ્થાનિક દેશો અને મુખ્ય પક્ષકારો દ્વારા જ સુનિશ્ચિત થઈ શકે છે. તેમણે ઉમેર્યું કે, આ વિસ્તારને અમેરિકા જેવા કોઈ બાહ્ય 'રિજનલ પોલીસમેન' ની જરૂર નથી.

### સ્વિટ્ઝર્લેન્ડમાં ગ્લેશિયર ઊનની ચાદરથી ઢંકાયા, બરફ 70 ટકા ઓછો પીગળ્યો

ક્લાઈમેટ ચેન્જના કારણે દુનિયાભરમાં ગ્લેશિયર પીગળવાનું જોખમ સર્જાયું છે. સદીઓથી ન પીગળેલો બરફ છેલ્લાં દશકામાં પીગળવા લાગ્યો છે. તેને બચાવવા માટે નીતનવા પ્રયોગો થાય છે. ઘણાં સંશોધકો દર વર્ષે ઉનાળા દરમિયાન કપડાંની કે પ્લાસ્ટિકની ચાદરથી ગ્લેશિયરને ઢાંકે છે. હવે ઉનની ચાદરથી ગ્લેશિયરને ઢાંકવાનો પ્રયોગ થયો છે. તેને ધારણા પ્રમાણે જ સફળતા મળી છે. સ્વિટ્ઝર્લેન્ડમાં માસ્ટર્સ કરતાં ચાર સ્ટૂડન્ટ્સે ઘેટાના ઉનની ચાદર ગ્લેશિયર પર ઢાંકવાનો વિચાર રજૂ કર્યો હતો. એ પછી લોજેન યુનિવર્સિટી, સ્વિસ ગ્લેશિયર મોનિટરિંગ નેટવર્ક, એન્વાયર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન સહિતની સંસ્થાઓ આ વિચારમાં સામેલ થઈ હતી. સાયન્ટિસ્ટ સાથે મળીને શરૂઆતમાં ૧૦૦ સ્કવેર મીટરના વિસ્તારમાં બે મોટી ઉનની ચાદર બિછાવાઈ હતી. ત્યાર બાદ એરિયા વધારીને ૨૦૦ સ્કવેર મીટર કરાયો હતો. સ્વિટ્ઝર્લેન્ડના લેસ ડાયબ્લેરેટ્સના ત્સાનફ્લેઉરોન ગ્લેશિયરના ૨૦૦ સ્કવેર મીટરના વિસ્તારને ઢાંકી દેવાયો હતો.

## ઘોષણાપત્રમાં વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા એકતરફી ટેરિફ અને આર્થિક પગલાં સામે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ

# બ્રિક્સ સમિટમાં 'નવી દિલ્હી ડેક્લેરેશન' સર્વસંમતિથી પાસ




### PM મોદીએ બ્રિક્સના મંચ પર રાખ્યા 10 પ્રસ્તાવ

1. UNSCમાં રિફોર્મને હવે ટાળી શકાય નહીં.
2. ટેક્સ-બેસ્ડ નેગોશિએશનને નિશ્ચિત સમય મર્યાદા સાથે જોડવા પડશે.
3. ગ્લોબલ ઇકોનોમીને ગ્રોથ આપનારા દેશોને નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ.
4. આપણે કલેક્ટિવ રિસ્પોન્સ, સ્પીડ, સ્કિલ અને ઈમ્પેક્ટ પર ભાર મૂકવો પડશે.
5. વૈશ્વિક સંસ્થાઓમાં માનવતાના વિશ્વાસ માટે પ્રભાવી ઉકેલ જરૂરી છે.
6. આપણે સીફેરર ઇમરજન્સી સપોર્ટ નેટવર્ક બનાવી શકીએ છીએ.
7. ડિસ્ટ્રેસ એલર્ટ, મેડિકલ હેલ્પ, પરિવારોને માહિતી, અને ઇવેક્યુએશનમાં મદદ મળે.
8. ગ્લોબલ સાઉથની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવી આવશ્યક છે.
9. AI-સાયબર સ્પેસમાં ભવિષ્યની તકોની સાથે નિયમો નક્કી થાય.
10. ગ્લોબલ સાઉથને હવે રૂલ ટેકરમાંથી રૂલ શેપર બનાવો.

## BRICSના સંયુક્ત નિવેદનમાં પહેલગામ હુમલાની નિંદા:ટેરર ફંડિંગ રોકવા પર ભાર; કહ્યું- આતંકવાદીઓને આશ્રય આપનારાઓ પર સાથે મળીને કાર્યવાહી કરીશું

નવી દિલ્હી

નવી દિલ્હીમાં યોજાયેલી BRICS સમિટના અંતે સભ્ય દેશોએ સર્વસંમતિથી ઐતિહાસિક 'નવી દિલ્હી ઘોષણાપત્ર' પસાર કર્યું છે. આ ઘોષણાપત્રમાં વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા એકતરફી ટેરિફ અને આર્થિક પગલાં સામે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ છે. WTOના નિયમો વિરુદ્ધના પગલાંની નિંદા કરતા, આંતરરાષ્ટ્રીય વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ માટે સંવાદ અને કૂટનીતિ પર ભાર મૂકવામાં આવ્યો છે. પરમાણુ યુદ્ધના જોખમો સામે પણ સાવચેતી જણાવાઈ છે. નવી દિલ્હી ખાતે આયોજિત BRICS સમિટના અંતે સભ્ય દેશોએ સર્વસંમતિથી ઐતિહાસિક New Delhi Declaration જાહેર કર્યું છે. આ જોઈન્ટ ડિક્લેરેશનમાં વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા એકતરફી ટેરિફ અને બળજબરીપૂર્વકના આર્થિક પગલાં સામે અત્યંત ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વિશ્વ વેપાર સંગઠનના નિયમોનું ઉલ્લંઘન કરતા ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો સામે સ્પષ્ટ ચેતવણી આપતાં BRICS જૂથે આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ લેવાતા એકતરફી પગલાંઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે.

**પહેલગામ આતંકી હુમલાની નિંદા:** 22 એપ્રિલ 2025ના હુમલાની સખત નિંદા, 26 લોકોના મોતનો ઉલ્લેખ.

**આતંકવાદ વિરુદ્ધ કડક વલણ:** આતંકવાદના દરેક સ્વરૂપ અને દરેક કારણની નિંદા કરવામાં આવી,

**આતંકવાદને ધર્મ સાથે ન જોડો:** આતંકવાદને કોઈ ધર્મ, રાષ્ટ્રીયતા કે સમુદાય સાથે જોડવાનો વિરોધ.

**સરહદ પાર આતંકવાદ પર કાર્યવાહી:** આતંકવાદ, તેના ભંડોળ અને આતંકવાદીઓને આશ્રય આપનારાઓ સામે મળીને કાર્યવાહી પર ભાર.

**આતંકવાદીઓની જવાબદારી નક્કી થાય:** આતંકવાદીઓ અને આતંકી સંગઠનો સામે સામૂહિક કાર્યવાહીની વાત.

**સંયુક્ત રાષ્ટ્રની આતંકવાદ વિરોધી સંધિ જલ્દી બને:** આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર પ્રસ્તાવિત સંધિને જલ્દી અપનાવવાની માગ.

**બ્રિક્સના મૂળ સિદ્ધાંતો મજબૂત થશે:** પરસ્પર સન્માન, સાર્વભૌમ સમાનતા, એકતા અને સર્વસંમતિથી નિર્ણયો પર ભાર.

**એકતરફી ટેરિફની નિંદા:** એકતરફી ટેરિફ અને વ્યાપારી પ્રતિબંધો પર ચિંતા વ્યક્ત કરવામાં આવી. કહેવામાં આવ્યું કે આવા પગલાં WTOના નિયમો અનુસાર હોવા જોઈએ.

**પરમાણુ ખતરો:** પરમાણુ હથિયારોના ઉપયોગના જોખમ અને વધતા વૈશ્વિક તણાવ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી.

**ભારતની અધ્યક્ષતાની પ્રશંસા:** BRICS દેશોએ ભારતની અધ્યક્ષતામાં યોજાયેલા BRICS પ્લસ અને આઉટરીચ સંવાદની પ્રશંસા કરી.

## મોદી-જિનપિંગ બોલ્યા, 'મતભેદ વિવાદમાં ન બદલાય': પરસ્પર સંબંધો લાંબા ચાલે; ગલવાન અથડામણ પછી ચીનથી આયાત બમણી થઈ

પીએમ મોદીએ દિલ્હીમાં BRICS સમિટથી અલગ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠક કરી. આ બેઠક લગભગ 50 મિનિટ ચાલી. મોદી અને જિનપિંગે એ વાત પર પણ સહમતિ દર્શાવી કે મતભેદોને વિવાદ બનવા દેવા ન જોઈએ અને સંબંધો લાંબા સમય સુધી ચાલવા જોઈએ. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે બંને દેશોના સંબંધો ત્રણ 'પરસ્પર સિદ્ધાંતો' - સન્માન, સંવેદનશીલતા અને હિત સાથે જોડાયેલા હોવા જોઈએ. જિનપિંગ લગભગ 7 વર્ષ પછી ભારત આવ્યા છે. ગલવાન અથડામણ પછી આ તેમની પ્રથમ ભારત મુલાકાત છે.

# "સુરત બન્યું ક્રાઈમનું કેપિટલ?"

## ભાજપ સરકાર, ગૃહમંત્રી હર્ષ સંઘવી અને સી.આર. પાટીલ પર વિપક્ષના આકરા પ્રહારો, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વણસી!

સુરત

ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતું સુરત આજે ક્રાઈમ સિટી બની ચૂક્યું હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.

શહેરમાં અવારનવાર બનતી સરેઆમ હત્યાઓ, ધાક-ધમકી, હથિયારો સાથેના હુમલા, લૂંટ, દેશી-વિદેશી દારૂના ખુલ્લેઆમ અડ્ડાઓ અને જુગારધામોની અસામાજિક પ્રવૃત્તિઓએ સત્તાધીશો અને પોલીસ તંત્રના દાવાઓના ચરેચરા ઉડાડી દીધા છે.

ગૃહમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપના શક્તિશાળી નેતા સી. આર. પાટીલના જ ગૃહજિલ્લા સુરતમાં કાયદો-વ્યવસ્થાનું ચીરહરણ થઈ રહ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે વિપક્ષ અને સામાન્ય જનતાએ સરકાર સામે આક્રમક ઘેરાબંધી શરૂ કરી છે.

### ગુનેગારો બેફામ અને જનતા ભયના ઓથાર હેઠળ: વિપક્ષના આકરા સવાલો

વિપક્ષી નેતાઓ અને સ્થાનીય અગ્રણીઓએ ભાજપ સરકાર અને ગૃહ વિભાગ પર આકરા પ્રહારો કરતાં ચોંકાવનારા આક્ષેપો કર્યા છે:

ગુનેગારોને બચાવવાનો આક્ષેપ: વિપક્ષનો સીધો આરોપ છે કે અસામાજિક તત્વો અને ગેરકાયદે ધંધા ચલાવનારાઓને રાજકીય છત્રછાયા મળી રહી છે, જેના કારણે ગુનેગારોને કાયદા કે પોલીસનો સહેજ પણ ભય રહ્યો નથી.


સરેઆમ હત્યા અને લૂંટનો આતંક: શહેરના વિવિધ વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલા, જૂની અદાવતમાં લોહિયાળ ખેલ અને લૂંટફાટના બનાવોથી વેપારીઓ તથા સામાન્ય નાગરિકોમાં ભારે દહશતનો માહોલ છે.

દારૂ-જુગારના અડ્ડાઓનું સામ્રાજ્ય: રાજ્યમાં કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે સુરતના ગલી-મહોલ્લાઓમાં દેશી અને વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી હોવાના આક્ષેપો સાથે વિપક્ષે પૂછ્યું છે કે, 'શું સુરતને ગુજરાતનું ક્રાઈમ કેપિટલ બનાવવાની તૈયારી ચાલી રહી છે?'

### સ્થાનિક પોલીસ તંત્રનો દાવો અને એક્શન પ્લાન

બીજી તરફ, સુરત શહેર પોલીસ અને ઉચ્ચ અધિકારીઓએ આક્ષેપોને ફગાવતાં જણાવ્યુ છે કે શહેરમાં ગુનાખોરી પર નાથ બાંધવા માટે ઝુંબેશના ધોરણે કામગીરી થઈ રહી છે:

1. **કોમ્બિંગ અને રાઉન્ડ-ધ-ક્લોક પેટ્રોલીંગ:** શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં સરપ્રાઈઝ દરોડા અને રાત્રી પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવ્યું છે.
2. **રીઢા ગુનેગારો સામે આકરા કાયદા:** દારૂ-જુગારના અડ્ડા ચલાવનારા, હુમલાખોરો અને અસામાજિક તત્વો વિરુદ્ધ પાસા (PASA) તેમજ તડીપાર સહિતની કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.





ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

### દરિયાઈ પર્યાવરણ અને સુરક્ષા સામેના પડકારો પર મંથન

# CM ભૂપેન્દ્ર પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં 'CCESS 2026' કોન્ફરન્સનું સફળ આયોજન!




અમદાવાદ

ગુજરાત રાજ્યના 1600 કિલોમીટર લાંબા સમુદ્ર કિનારાના રક્ષણ, દરિયાઈ નિવસનતંત્ર (Coastal Ecology) ની સુખાકારી અને સસ્ટેનેબિલિટીના ક્ષેત્રે એક અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ સમાન રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના શ્યામા પ્રસાદ મુખરજી હોલ ખાતે 'Conference on Coastal Ecology Safety & Sustainability (CCESS 2026)' નું અત્યંત ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉચ્ચસ્તરીય કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના યશસ્વી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ જી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો અને દેશ-વિદેશથી આવેલા પર્યાવરણવિદો, દરિયાઈ સુરક્ષા નિષ્ણાતો, સંશોધકો તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા.

પોતાના મુખ્ય પ્રવચનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય છે, જે બ્લુ ઈકોનોમી (Blue Economy) ના વિકાસ માટે વિશાળ તકો પૂરી પાડે છે. પરંતુ આ વિકાસની સાથે સાથે દરિયાઈ પર્યાવરણનું જતન (Ecological Balance) અને તટીય વિસ્તારોની સુરક્ષા (Coastal Safety) જાળવવી એ આપણી નૈતિક અને સામાજિક જવાબદારી છે.

પર્યાવરણીય ફેરફારો (Climate Change), દરિયાઈ ધોવાણ, દરિયાઈ જીવસૃષ્ટિનું રક્ષણ અને હરિત વિકાસ (Sustainable Development) ને ધ્યાનમાં રાખીને સરકારે હાથ ધરેલી નવીન નીતિઓ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

CCESS 2026 કોન્ફરન્સ દરમિયાન તટીય ઈકોસિસ્ટમ, સસ્ટેનેબલ પોર્ટ ડેવલપમેન્ટ, સાગરકાંઠાના વિસ્તારોમાં રહેતા સમુદાયોનું રક્ષણ અને નવીનતમ ટેકનોલોજીના ઉપયોગ જેવા અનેક મહત્વપૂર્ણ વિષયો પર પેનલ ડિસ્કશન અને સંશોધન પત્રોનું પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં અગ્રણી રાજકીય મહાનુભાવો, યુનિવર્સિટીના હોદ્દેદારો અને પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગણમાન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદ આગામી સમયમાં ગુજરાતના સાગરકાંઠાના ટકાઉ વિકાસ માટે એક નક્કર માર્ગદર્શિકા (Roadmap) સાબિત થશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## વડોદરામાં ₹4.50 લાખની લક્ઝુરિયસ BMW સ્પોર્ટ બાઇકની ચોરીનો ભેદ ઉકેલાયો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં થયેલી એક અત્યંત હાઈપ્રોફાઈલ ચોરીનો ભેદ ઉકેલીને પાણીગેટ પોલીસ સ્ટેશનની ટીમે પ્રશંસનીય સફળતા મેળવી છે. વાઘોડિયા રોડ પર આવેલા અંબિકા એવન્યુ ફ્લેટ પાસેથી ચોરાયેલી ૪,૫૦,૦૦૦ની તકતી ધરાવતી લક્ઝુરિયસ BMW સુપર સ્પોર્ટ મોટરસાઈકલ (GJ06UB4241) ની ચોરીના કેસમાં પોલીસે સપાટો બોલાવીને ચોરાયેલી સુપર બાઈક સાથે એક સગીર વયના બાળકને ઝડપી પાડ્યો છે. વાઘોડિયા રોડ પરથી અચાનક ગાયબ થયેલી કરોડોના મોજશોખ સમાન આ સુપર બાઈકની ચોરી અંગે પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ વિશેષ ટીમ રચવામાં આવી હતી. પાણીગેટ પોલીસ સ્ટેશનના પો. ઈન્સ. શ્રી એ.બી. પટેલ, પો.સ.ઇ. ડી.આર. પટેલ તથા સર્વેલન્સ ટીમ દ્વારા ચોરીનો ભેદ ઉકેલવા ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સર્વેલન્સ ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે ચોરાયેલી આ હાઈ-એન્ડ બાઈક સાથે એક સગીર વિસ્તારમાં ફરી રહ્યો છે.

બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર બાળકને આ ચોરીની BMW બાઈક સાથે પકડી પાડ્યો હતો. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આકરી પૂછપરછ દરમિયાન ચોંકાવનારો પર્દાફાશ થયો હતો.

ઝડપાયેલા સગીરે કબૂલાત કરી હતી કે તેણે માત્ર પોતાના મોજશોખ અને મિત્રોમાં વટ પાડવા માટે આશરે એક અઠવાડિયા પહેલાં વાઘોડિયા રોડના અંબિકા એવન્યુ ફ્લેટના પાર્કિંગમાંથી આ મોંઘીદાટ સુપર બાઈકની ચોરી કરી હતી.

## કપડવંજની તાલપોડા શાળાના MDM સંચાલક પર કલેક્ટરનો સપાટો: સ્થાનિકોની ગંભીર ફરિયાદો બાદ તાત્કાલિક અસરથી ફરજમુક્ત!

કપડવંજ (ખેડા)

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાની તાલપોડા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજના (MDM)ના સંચાલનની ઘોર બેદરકારી સામે જિલ્લા વહીવટી તંત્રે લાલઆંખ કરી છે. શાળામાં પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તા અને સંચાલનમાં ચાલતી ગેરરીતિઓ અંગે સ્થાનિકોની ફરિયાદોને ધ્યાને લઈ ખેડા જિલ્લા કલેક્ટરના સીધા આદેશથી MDM સંચાલકને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરી દેવામાં આવતાં ભ્રષ્ટ તત્વોમાં ભારે સન્નાટો વ્યાપી ગયો છે. સૂત્રો પાસેથી મળતી અહેવાલ મુજબ, કલેક્ટરશ્રીની અચાનક મુલાકાત કે નિરીક્ષણ દરમિયાન સ્થાનિક રહીશો અને વાલીઓએ શાળાના મધ્યાહન ભોજન યોજનાના સંચાલક વિરુદ્ધ ફરિયાદોનો અંબાર ખડકી દીધો હતો. ભૂલકાંઓને અપાતા ભોજનમાં ગેરરીતિ અને અનિયમિતતાના ગંભીર આક્ષેપો બાદ કલેક્ટરે સ્થળ પર જ કડક વલણ અપનાવ્યું હતું. બાળકોના પોષણ અને ભવિષ્ય સાથે થતા ખિલવાડને સહેજ પણ ચલાવી ન લેવાની સ્પષ્ટ ચેતવણી સાથે કલેક્ટરે સંચાલક સામે તાત્કાલિક ધોરણે આકરા પગલાં ભરવાનો હુકમ કર્યો હતો.

તંત્રના આ ભયાનક એક્શનથી સમગ્ર કપડવંજ તાલુકાના સરકારી તંત્ર અને શાળા સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. કલેક્ટરના આ સપાટાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે બાળકોના હકનું ભોજન છીનવનાર કે ફરજમાં બેદરકારી દાખવનાર ગમે તેવો વગદાર કેમ ન હોય, તેની સામે આકરી કાયદાકીય કાર્યવાહી નિશ્ચિત છે.

### સુશાસનના 5 વર્ષ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં

## ગુજરાત બનશે દેશનું અગ્રણી 'ડેટા સેન્ટર હબ'



ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ 5 વર્ષ પૂર્ણ કર્યા છે. આ પાંચ વર્ષના સુશાસન દરમિયાન રાજ્યએ આર્થિક, ઔદ્યોગિક અને ભવિષ્યલક્ષી ટેક્નોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. રાજ્યને ભવિષ્યલક્ષી ટેક્નોલોજીથી સજ્જ કરવા માટે મુખ્યમંત્રી દ્વારા તાજેતરમાં જ 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ 2026-29' જાહેર કરવામાં આવી છે, જે ગુજરાતને ટેક્નોલોજી ક્ષેત્રે એક મજબૂત વૈશ્વિક કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે હંમેશાં ભવિષ્યની ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી માર્ગદર્શનમાં ભારતને ડિજિટલ અને ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના ગ્લોબલ હબ બનાવવાના વિઝનને આ નવી નીતિ આગળ ધપાવશે. પર્યાવરણની જાળવણી સાથે વિકાસના મંત્રને સાર્થક કરતા આ ડેટા સેન્ટર્સ માટે 51 ટકા ગ્રીન એનર્જીનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. ખેડૂતો કે અન્ય ઉદ્યોગોના ભોગે નહીં, પરંતુ દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે. ધોલેરામાં ડેટા સેન્ટર શરૂ કરવા 2.5 ટકા વધારાની મૂડી સહાય આપવામાં આવશે, તેમજ સ્ટેમ્પ ડ્યૂટીમાં સપૂર્ણપણે મુક્તિ આપવાની જોગવાઈ આ નીતિમાં કરવામાં આવી છે. ડેટા સેન્ટર્સ શરૂ કરવા માટે દસ વર્ષ માટે 4 ટકા વ્યાજ સહાય તેમજ આગામી 20 વર્ષ માટે પ્રતિ યુનિટ રુ. 1ની વીજ દર સહાય આપવામાં આવશે. રાજ્ય સરકારે ડેટા સેન્ટર્સને 'આવશ્યક સેવાઓ' તરીકે માન્યતા આપી છે તેમજ આ પ્રોજેક્ટની મંજૂરી પ્રક્રિયા સરળ અને ઝડપી બને તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

## વિજાપુર લોકદરબારમાં હોબાળો : SP સમક્ષ સામાજિક કાર્યકર તરુણ પટેલના તીખા પ્રહારો

મહેસાણા

વિજાપુર પોલીસ સ્ટેશન ખાતે મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ની અધ્યક્ષતામાં યોજાયેલા લોકદરબારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને મોટો ધડાકો થયો છે. જાણીતા સામાજિક કાર્યકર તરુણ પટેલે લોકદરબારમાં જ અધિકારીઓની હાજરી વચ્ચે વિજાપુર પોલીસ અને PI ની કાર્યશૈલી સામે ઉગ્ર રજૂઆત કરી કાયદાના ધજાગરા ઉડાવતા અધિકારીઓની પોલ ખોલી નાખી હતી. સામાજિક કાર્યકર તરુણ પટેલે ૮ સપ્ટેમ્બરની ઘટનાનો સનસનાટીભર્યો ઉલ્લેખ કરતા મહેસાણા SP સમક્ષ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પ્રજાના પ્રશ્નો સાંભળવા માટે બેઠેલા વિજાપુર PI પોતાની કેબિનમાં અરજદારોની હાજરી હોવા છતાં કાયદા અને પદની ગરિમા નેવે મૂકીને તમાકુયુક્ત મસાલો ચોળીને ખાતા હતા. એટલું જ નહીં, કચેરીમાં આવેલા લાચાર અરજદારોની સામે જ PI દ્વારા ડસ્ટબિનમાં તમાકુની પિચકારીઓ મારવામાં આવી હતી. સરકારી કચેરીઓમાં શિસ્ત અને સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવા માટે જવાબદાર અધિકારીનું જ આવું શરમજનક વર્તન હોય, તો સામાન્ય જનતા પાસેથી શું અપેક્ષા રાખવી? આ મુદ્દે તરુણ પટેલે સચોટ પુરાવાઓ સાથે જવાબદાર PI સામે દાખલારૂપ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## પશુપાલકો અને ખેડૂતોના મુશ્કેલીભર્યા સવાલો પર AAPનો હુંકાર: ઈસુદાન ગઢવીએ સરકાર સમક્ષ માંગણીઓનો મોરચો માંડ્યો!

અમદાવાદ

ગુજરાતમાં વરસાદની અનિયમિતતા, મોંઘવારીનો કમરતોડ માર અને સાબરદાણ સહિતના પશુઆહારના ભાવોમાં થયેલા વધારાના કારણે રાજ્યના પશુપાલકો અને ખેડૂતોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. આવી ગંભીર સ્થિતિ વચ્ચે આમ આદમી પાર્ટી (AAP) ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ પશુપાલકો અને ખેડૂતોના હિત માટે 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ' અને આંદોલનાત્મક મોરચો ખોલીને રાજ્ય સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. ઈસુદાન ગઢવીએ પશુપાલકો અને ખેડૂતોની રોજીરોટી અને પશુઓના રક્ષણ માટે સરકાર સમક્ષ નીચે મુજબની મુખ્ય અને મજબૂત માંગણીઓ મુકી છે: અપૂરતા વરસાદ અને ઘાસચારાની અછતના કારણે આર્થિક સંકટમાં મુકાયેલા વિસ્તારોને તાત્કાલિક ધોરણે દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે. આ અંગે તેમણે ૧૫૮ તાલુકાઓમાંથી ખેડૂતો-પશુપાલકો પાસે ફોર્મ ભરાવી ગાંધીનગર ખાતે રજૂઆત કરવાનો રોડમેપ જાહેર કર્યો છે. ચોમાસામાં ઘાસચારાની ભારે અછત વચ્ચે પશુઓને ભૂખમરાથી બચાવવા માટે સરકાર દ્વારા તમામ અસરગ્રસ્ત વિસ્તારો અને ઢોરવાડાઓમાં રાહત દરે અથવા મફતમાં ઘાસચારાનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે.

### આવતીકાલે 20 જિલ્લામાં ઍલર્ટ

## ગુજરાતમાં આગામી 3 દિવસ મેઘતાંડવની આગાહી : રેડ અને ઑરેન્જ ઍલર્ટ જાહેર



ગાંધીનગર

ગુજરાતમાં 13 થી 15 સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. લો-પ્રેશર, મોનસૂન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિત 4 વરસાદી સિસ્ટમ સક્રિય થતા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટ અપાયું છે. ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર સહિત 20 જિલ્લામાં મેઘતાંડવની શક્યતા છે.

કચ્છ-સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વરસાદની મોટી ઘટ વચ્ચે ગુજરાતમાં ફરી વરસાદી હવામાન સક્રિય થયું છે. હવામાન વિભાગ અનુસાર, લો-પ્રેશર, મોનસૂન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિતની વરસાદી સિસ્ટમ સક્રિય થવાના કારણે 12થી 15 સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

ગુજરાતમાં આગામી 3 દિવસ મેઘતાંડવની આગાહી વચ્ચે હવામાન વિભાગે દક્ષિણ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં રેડ અને ઓરેન્જ ઍલર્ટ જાહેર કર્યું છે.

રેડ ઍલર્ટ: નવસારી, વલસાડ. ઓરેન્જ ઍલર્ટ: અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ. યલો ઍલર્ટ: અમદાવાદ, પોરબંદર, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, નર્મદા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર. ઓરેન્જ ઍલર્ટ: નવસારી, વલસાડ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ. યલો ઍલર્ટ: કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, ભરૂચ, સુરત, તાપી, ડાંગ. આગામી 15 સપ્ટેમ્બરના રોજ જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદને પગલે હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરપશ્ચિમ-મધ્યપશ્ચિમ બંગાળની ખાડી અને તેને અડીને આવેલા દક્ષિણ ઓડિશા-ઉત્તર આંધ્રપ્રદેશના દરિયાકાંઠા પર સર્જાયેલું લો-પ્રેશર 12 સપ્ટેમ્બર 2026ના રોજ સવારે 08:30 વાગ્યે દક્ષિણ છત્તીસગઢ અને તેની આસપાસના વિસ્તાર પર સ્થિર થયું છે.

### ખેરાલુના નંદાલી ગામની સીમમાં સનસનાટી

## કોંગ્રેસ નેતા પર દેશી તમંચાથી ફાયરિંગ, ગોળી કમર વિંધીને આરપાર નીકળી ગઈ!




મહેસાણા

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાના ચરેચરા ઊડી જાય તેવી એક અત્યંત સનસનાટીભરી અને લોહિયાળ ઘટના સામે આવતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ખેરાલુ તાલુકાના સંવેદનશીલ ગણાતા નંદાલી ગામની સીમમાં કોંગ્રેસ તાલુકા ઉપપ્રમુખ કનુજી પરમાર પર અજાણ્યા હુમલાખોરોએ પોઈન્ટ બ્લેન્ક રેન્જ પરથી દેશી બંદૂક (તમંચા) વડે જીવલેણ અંધાધૂંધ ફાયરિંગ કરી દીધું હતું. આ ભયાનક હુમલાના પગલે સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં ભારે દહશત અને સન્નાટો છવાઈ ગયો છે. મળતી ચોંકાવનારી વિગતો મુજબ, કનુજી પરમાર જ્યારે સીમ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઘાત લગાવીને બેઠેલા અજાણ્યા શખ્સે અત્યંત નજીકથી તેમના પર તમંચો તાકીને ફાયરિંગ કર્યું હતું. ગોળીનો ધડાકો થતાં જ કનુજી જમીન પર ઢળી પડ્યા હતા. બંદૂકની ગોળી તેમની કમરના ભાગે સીધી વિંધીને શરીરની આરપાર નીકળી ગઈ હતી. ઘટનાના પગલે લોહીના ખાબોચિયામાં લથપથ પડેલા નેતાની ચીસાચીસ સાંભળીને આસપાસના સ્થાનિકો અને પરિજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમની સ્થિતિ અત્યંત ગંભીર અને નાજુક હોવાથી સ્થાનિક પ્રાથમિક સારવાર બાદ તેમને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેમનું ઈમરજન્સી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. બનાવની જાણ થતાં જ ખેરાલુ પોલીસ સ્ટેશનનો કાફલો, LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે નંદાલી ગામની સીમ સહિત સમગ્ર ખેરાલુ તાલુકામાં નાકાબંધી કરીને હુમલાખોરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે ત્વરિત અને આકરા મોડમાં આવીને આ ફાયરિંગના કેસમાં વિગતોના આધારે ૩ શંકાસ્પદ ઈસમોને તાત્કાલિક ધોરણે રાઉન્ડઅપ (હરાસતમાં) કરી લીધા છે. હાલમાં ગુપ્ત સ્થળે રાખીને તેમની આકરી પૂછપરછ કરવામાં આવી રહી છે. જૂની અદાવત, જમીન વિવાદ કે રાજકીય ખારસ? ખેરાલુમાં જાહેર રસ્તે કોંગ્રેસના જવાબદાર હોદ્દેદાર પર થયેલા આ ઘાતક અને તાબડતોડ હુમલાએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

## ગણપતિ મહોત્સવ પહેલા વટવા પોલીસનો ધાકધમકીભર્યો એક્શન

અમદાવાદ

આગામી ગણપતિ મહોત્સવ અને તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. હથિયાર ધરાવતા શંકાસ્પદ તત્વો અને અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પોલીસ દ્વારા કરવામાં આવેલી કડક ચેતવણી બાદ હવે રસ્તાઓ અને સંવેદનશીલ વિસ્તારોમાં સીધું ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ જ કડીમાં વટવા પોલીસ સ્ટેશનની ટીમે મોડી રાત્રે ચાર માળિયા વિસ્તારમાં ભયાનક કોમ્બિંગ નાઈટ યોજીને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી દીધો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગણેશોત્સવ દરમિયાન શાંતિ અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વટવા પોલીસે સરપ્રાઈઝ ઓપરેશન હાથ ધર્યું હતું. મધરાતે ત્રાટકેલી પોલીસે સમગ્ર ચાર માળિયા વિસ્તારને કોર્ડન કરી લીધો હતો. આ દરોડા અને ચેકિંગ દરમિયાન પોલીસે બે અલગ-અલગ કેસમાં કુલ ચાર ભયાનક ધારદાર હથિયારો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કોમ્બિંગ દરમિયાન પોલીસે ગુનાહિત માનસિકતા ધરાવતા લોકોનું કડક ચેકિંગ હાથ ધર્યું હતું.

## ડભોઈ તાલુકા પંચાયતમાં કરોડોના ખર્ચે બનેલો RO પ્લાન્ટ બન્યો 'કચરાપેટી': 118 ગામના ગરીબ અરજદારો પાણી માટે વલખાં મારવા મજબૂર

### એક તરફ સરકાર તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ કચેરીઓના મોટા-મોટા દાવાઓ કરે છે, તો બીજી તરફ ડભોઈ તાલુકા પંચાયતના અધિકારીઓની આ પ્રકારની બેદરકારીથી સ્થાનિક જનતામાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે

ડભોઈ

સરકાર દ્વારા પ્રજાના લોહી-પસીનાના ટેક્સના કરોડો રૂપિયા વાપરીને આધુનિક સરકારી કચેરીઓ અને સુવિધાઓનું નિર્માણ કરવામાં આવે છે, પરંતુ સ્થાનિક બાબુઓ અને બેદરકાર અધિકારીઓની ઉદાસીનતાને કારણે આ સરકારી યોજનાઓ કેવી રીતે ધૂળ ખાઈ રહી છે તેનો જીવંત પુરાવો ડભોઈ તાલુકા પંચાયતમાં સામે આવ્યો છે. કચેરી પરિસરમાં લાખો-કરોડોના આંધણ બાદ મુકાયેલો આર.ઓ. (RO) પ્લાન્ટ અને વોટર કૂલર તંત્રની ઘોર લાપરવાહીના કારણે આજે કચરાપેટી સમાન બની ગયા છે. ડભોઈ તાલુકા પંચાયત ક્ષેત્ર હેઠળ કુલ ૧૧૮ જેટલાં નાના-મોટાં ગામડાંઓ આવેલાં છે. દાખલા, યોજનાકીય કામો, જમીનના પ્રશ્નો કે સરકારી કાગળિયાંની કામગીરી અર્થે દરરોજ સેંકડો ગ્રામજનો, ખેડૂતો અને મહિલા અરજદારો કચેરીની મુલાકાતે આવે છે. આ તમામ નાગરિકોને શુદ્ધ અને ઠંડું પીવાનું પાણી મળી રહે તે માટે તંત્ર દ્વારા આર.ઓ. પ્લાન્ટ ઊભો કરવામાં આવ્યો હતો. પરંતુ યોગ્ય જાળવણી અને સમારકામના અભાવે આ સિસ્ટમ લાંબા સમયથી બંધ હાલતમાં શોભાના ગાંઠિયા સમાન પડી રહી છે. પ્લાન્ટની આસપાસ ગંદકી, ઝાડી-ઝાંખરા અને કચરાના ઢગલા ખડકાઈ ગયા છે, જેના કારણે લોકોને પાણી મળવું તો દૂર, ત્યાં ઊભા રહેવામાં પણ દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે.

કચેરી પરિસરમાં પ્રાથમિક સુવિધા સમાન પીવાનું પાણી પણ ઉપલબ્ધ ન હોવાને કારણે દૂર-દૂરના ગામડાંઓથી આવતા ગરીબ નાગરિકો અને વયોવૃદ્ધોને કાળઝાળ ગરમીમાં અસહ્ય હાલાકી વેઠવી પડી રહી છે. તંત્રની આ નિષ્ઠુરતાને લીધે સામાન્ય લોકોને પોતાના ખિસ્સામાંથી ૧૦ થી ૨૦ ખર્ચીને બહારથી પીવાના પાણીની બોટલો કે પાઉચ ખરીદવાની મજબૂરી ઊભી થઈ છે. એક તરફ સરકાર તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ કચેરીઓના મોટા-મોટા દાવાઓ કરે છે, તો બીજી તરફ ડભોઈ તાલુકા પંચાયતના અધિકારીઓની આ પ્રકારની બેદરકારીથી સ્થાનિક જનતામાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

પાક્કો ગુજરાત

રવિવાર | 13 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

પાટનગરને વિકાસની ભેટ

# CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂપિયા 1,848 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ



ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓની જાહેરાત થોડા જ સમયમાં થવાની સંભાવના છે, તે પૂર્વે રાજ્ય સરકારે પાટનગરવાસીઓને વિકાસની મોટી ભેટ આપી છે. આજરોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકા અને માર્ગ-મકાન પાટનગર યોજના અંતર્ગત કુલ 1,848 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્તનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને આગામી મનપા ચૂંટણી પહેલાનો સૌથી મોટો શક્તિ પ્રદર્શન અને વિકાસોત્સવ માનવામાં આવી રહ્યો છે. આજના આ ઐતિહાસિક કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તકના કુલ 798.56 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં 210.82 કરોડ રૂપિયાના માતબર ખર્ચે સંપૂર્ણપણે તૈયાર થઈ ગયેલા 14 જેટલા વિકાસકાર્યોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિધિવત લોકાર્પણ કરીને પ્રજાને સમર્પિત કરવામાં આવ્યા છે. જ્યારે 587.74 કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે નિર્માણ પામનાર 16 જેટલા નવા વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે. આ પ્રકલ્પો અંતર્ગત નાગરિકોની સુખાકારી માટે અનેક નવી સુવિધાઓ ઉભી કરવામાં આવશે. આરોગ્ય ક્ષેત્રે સુવિધા વધારવા સેક્ટર-26 માં એક અત્યાધુનિક નવા અર્બન હેલ્થ સેન્ટરનું નિર્માણ કરવામાં આવશે. હરિયાળી વધારવા અને લોકોના મનોરંજન માટે સેક્ટર-20, ઝુંડાલ અને અમિયાપુર ખાતે નવા બગીચાઓ બનાવવામાં આવશે.

ગુજરાત શિર દેવાનો બોજ!

## 2025-26માં જાહેર દેવું 4.30 લાખ કરોડને પાર




ગાંધીનગર

ગુજરાત સરકારના નાણાકીય સ્થિતિને લઈને એક અત્યંત ચોંકાવનારો અને ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. ગાંધીનગર વિધાનસભા ગૃહમાં સરકારે સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંતે રાજ્યનું કુલ જાહેર દેવું વધીને ૪.૩૦ લાખ કરોડના ભયજનક સ્તરે પહોંચી ગયું છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૪-૨૫માં ગુજરાત સરકાર પર ૩.૭૪ લાખ કરોડનું દેવું હતું, જેમાં માત્ર એક જ વર્ષમાં અધધ વધારો નોંધાયો છે. જો આ દેવાની ગણતરી રાજ્યની કુલ વસ્તીના આધારે માથાદીઠ કરવામાં આવે, તો આજે ગુજરાતના દરેક નાગરિક પર સરેરાશ ૫૭,૮૦૦નું જાહેર દેવું બોજા સ્વરૂપે તોળાઈ રહ્યું છે. જાહેર દેવામાં થયેલા સતત અને મોટો વધારાને કારણે રાજ્ય સરકારના આવક-જાવકના સંતુલન પર ગંભીર અસર પડી રહી છે. તિજોરી પર વ્યાજ અને મુદ્દલની ચુકવણીનો બોજ ઉત્તરોત્તર વધી રહ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬: સરકારે ૨૭,૦૯૫ કરોડનું વ્યાજ અને ૩૪,૦૨૫ કરોડનું મુદ્દલ મળીને કુલ ૬૧,૧૨૦ કરોડ માત્ર દેવું ચૂકવવામાં ખર્ચ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫: જેની સામે અગાઉના વર્ષે ૨૫,૬૦૪ કરોડનું વ્યાજ અને ૨૯,૧૨૬ કરોડનું મુદ્દલ ચુકવાયું હતું.

કાયદા અને નિયમોના ખુલ્લેઆમ ધજાગરા

## મહુધા મામલતદાર કચેરીમાં ચાલુ કેસ છતાં દસ્તાવેજ થતાં મોટો વિવાદ: કાયદાના ધજાગરા ઉડાડી રજીસ્ટ્રેશન કરી દેવાતાં આક્રોશ

મહુધા

ખેડા જિલ્લાના મહુધા તાલુકા મામલતદાર કચેરીના વહીવટી તંત્રની ગંભીર અને શંકાસ્પદ કામગીરી ફરી એકવાર વિવાદના ઘેરાવામાં આવી છે. જમીન વિવાદનો કેસ સબ-ડિવિઝનલ અથવા મામલતદાર કોર્ટમાં વિવાદિત અને વિચારાધીન (Pending Litigation) હોવા છતાં, અધિકારીઓ અને રજીસ્ટ્રેશન વિભાગ દ્વારા તે જમીનનો દસ્તાવેજ કરી દેવામાં આવતા ભારે ચકચાર મચી ગઈ છે. કાયદાકીય પ્રક્રિયા ચાલુ હોવા છતાં દસ્તાવેજ કરી આપવાની આ ઘટનાએ મહેસૂલી તંત્રની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.



મહુધા તાલુકાના વિસ્તારમાં આવેલી કિંમતી જમીન અંગેનો વિવાદ મામલતદાર કચેરી/ન્યાયિક સત્તા સમક્ષ પેન્ડિંગ ચાલી રહ્યો હતો. નિયમ મુજબ જ્યારે કોઈ જમીન પર કાયદાકીય કેસ કે સ્ટેપ્યુલેશન ચાલી રહ્યું હોય ત્યારે તેની માલિકી ફેરબદલ કે નવા દસ્તાવેજ કરવા પર મનાઈ અથવા તકેદારી રાખવાની હોય છે. પરંતુ તમામ નિયમોને નેવે મૂકીને મામલતદાર કચેરીના સબ-રજિસ્ટ્રાર અને સંબંધિત અધિકારીઓની મિલીભગતથી બોગસ કે શંકાસ્પદ રીતે દસ્તાવેજની નોંધણી કરી દેવામાં આવી હતી. આ બાબતની જાણ સામેના પક્ષને થતાં જ કચેરી પરિસરમાં ભારે હોબાળો મચ્યો હતો અને અરજદારોએ તંત્ર સામે ભ્રષ્ટાચારના સીધા આક્ષેપો કર્યા હતા. કેસ પેન્ડિંગ છતાં કામગીરી: જમીન સુધારણા કે વારસાઈ/વેચાણ અંગેનો વાંધો કેસમાં નોંધાયેલો હતો, તેમ છતાં અધિકારીઓએ કઈ લાલચે દસ્તાવેજ મંજૂર કર્યો તે તપાસનો વિષય છે. અરજદારોનો આક્ષેપ છે કે કિંમતી જમીન હડપવા માટે ભૂમાફિયાઓ અને કચેરીના જવાબદાર કર્મચારીઓ વચ્ચે અંદરખાને ગોઠવણ થઈ હોવાની પૂરી શક્યતા છે. દસ્તાવેજ કરતી વખતે કેસની વિગતો અને સ્ટેટસ ચેક કરવાની પ્રાથમિક જવાબદારી તંત્રની હોય છે, જેમાં ઘોર અણઘડતા દાખવવામાં આવી છે. આ વિવાદિત દસ્તાવેજ સામે ભોગ બનનાર પક્ષે ખેડા જિલ્લા કલેક્ટર, ડીએસપી તેમજ ઉચ્ચ મહેસૂલી અધિકારીઓ સમક્ષ સત્તાવાર લેખિત રજૂઆત કરી છે.

પશુપાલન કરવું બનશે વધુ મોંઘું

## સાબરડેરીના મનસ્વી ભાવવધારાથી પશુપાલકોની આર્થિક સ્થિતિ ડામાડોળ!

અરવલ્લી

ઉત્તર ગુજરાતના હજારો પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના એક નિર્ણયથી ખેડૂતો અને પશુપાલકોમાં ભારે રોષની વંટોળ ઊભી થઈ છે. સાબરડેરી દ્વારા પશુ આહાર 'સાબરદાણ'ના ભાવમાં કરવામાં આવેલા મનસ્વી અને કમરતોડ ભાવવધારાના કારણે પશુપાલનનો વ્યવસાય હવે અત્યંત મોંઘો અને ખોટનો સોદો બનવા જઈ રહ્યો છે. મોંઘવારીના આ યુગમાં ડેરીના આ નિર્ણયથી સામાન્ય અને નાના પશુપાલકોની આર્થિક સ્થિતિ સંપૂર્ણપણે ડામાડોળ થઈ ગઈ છે.




સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, સાબરડેરી સાથે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લાખો પશુપાલકો જોડાયેલા છે.

એક તરફ લીલા-સૂકા ઘાસચારાના ભાવ આસમાને પહોંચ્યા છે, ત્યારે બીજી તરફ સાબરદાણના ભાવમાં ઝીંકાયેલા આકરા વધારાથી પશુપાલકોનું બજેટ સંપૂર્ણ ખોરવાઈ ગયું છે. દૂધના પોષણક્ષમ ભાવ મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા પશુપાલકો પર ડેરી સત્તાધીશોએ ભાવવધારાનો નવો બોજ ઝીંકી દેતાં 'મોરના ઈંડા ચીતરવા ન પડે' જેવી સ્થિતિ સર્જાઈ છે.

આ નિર્ણય સામે સાબરકાંઠા અને અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકોનો વિરોધ આકરો બની રહ્યો છે. પશુપાલકોનો ખુલ્લો આક્ષેપ છે કે ડેરીના વહીવટદારો પશુપાલકોના હિત વિચારવાને બદલે મનસ્વી નિર્ણયો લઈ રહ્યા છે. જો સાબરદાણનો આ ભાવવધારો ત્વરિત ધોરણે પાછો ખેંચવામાં નહીં આવે, તો પશુપાલન કરવું જ અશક્ય બની જશે.

આક્રોશિત પશુપાલકો અને સ્થાનિક સંગઠનોએ હવે જિલ્લા વિકાસ અધિકારી (DDO Sabarkantha) અને ડેરીના સત્તાધીશો સુધી રજૂઆતોનો દોર શરૂ કર્યો છે. પશુપાલકોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આ કમરતોડ ભાવવધારો સૂરત-પ્રત્યક્ષ રીતે રદ કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં સાબરડેરી ખાતે દૂધની બોલચાલ બંધ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન અને આંદોલન કરવામાં આવશે.

આ નિર્ણયથી સાબરકાંઠા અને અરવલ્લીના પશુપાલકોમાં ભારે ઉકાળા જેવી સ્થિતિ જોવા મળી રહી છે.

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં NSUIનો હલ્લાબોલ

## 75મા પદવીદાન સમારોહની ડિગ્રી માટે પોર્ટલ ચાલુ કરવા રજાના દિવસે ગેટ પર આવેદન ચોંટાડી સૂત્રોચ્ચાર કર્યા!!!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાની વિશ્વપ્રસિદ્ધ ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU) માં ફરી એકવાર વિદ્યાર્થી પાંખ અને યુનિવર્સિટી વહીવટી તંત્ર સામસામે આવી ગયા છે. યુનિવર્સિટીના આગામી ૭૫મા ઐતિહાસિક પદવીદાન સમારોહ (Convocation) ને લઈને વિદ્યાર્થીઓની ડિગ્રી મેળવવાની ઓનલાઈન પ્રક્રિયા વિલંબમાં પડતાં આજરોજ NSUI દ્વારા યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શનિવારના રોજ રજાનો દિવસ હોવાથી અધિકારીઓ ગેરહાજર જણાતાં, આક્રોશે ભરાયેલા કાર્યકરોએ હેડ ઓફિસના મુખ્ય ગેટ પર જ આવેદનપત્ર ચોંટાડીને તંત્ર સામે ભારે બેનરો અને સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનો ૭૫મો પદવીદાન સમારોહ યોજાવા જઈ રહ્યો છે, જે હજારો પાસ આઉટ વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વનો ક્ષણ છે. પરંતુ યુનિવર્સિટી વહીવટી તંત્રની ધીમી અને અણઘડ નીતિને કારણે વિદ્યાર્થીઓને પોતાની ડિગ્રી મેળવવા માટે આવેદન કરવાનો ઓનલાઈન પોર્ટલ હજુ સુધી યોગ્ય રીતે શરૂ કે સક્રિય કરવામાં આવ્યો નથી.

ઓનલાઈન પોર્ટલ બંધ અથવા ટેકનિકલ ખામીઓથી ઘેરાયેલું હોવાના કારણે હજારો વિદ્યાર્થીઓ ડિગ્રી સર્ટિફિકેટ મેળવવાથી વંચિત રહી જાય તેવી સ્થિતિ નિર્માણ થઈ છે. આગળ અભ્યાસ કે નોકરી માટે ડિગ્રી જરૂરી હોવાથી વિદ્યાર્થીઓ ભારે ચિંતામાં મુકાયા છે. આ ગંભીર પ્રશ્ને તંત્રનું ધ્યાન દોરવા માટે આજરોજ NSUI (નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા) ના સભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં એમ.એસ. યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે આવેદનપત્ર આપવા પહોંચ્યા હતા. પરંતુ શનિવારના કારણે સરકારી રજા હોવાથી હેડ ઓફિસમાં ઉચ્ચ અધિકારીઓ કે વહીવટી સ્ટાફ હાજર નહોતો. આ પરિસ્થિતિ જોઈને વિદ્યાર્થી નેતાઓનો આક્રોશ બેવડાયો હતો. તેઓએ યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશદ્વાર (ગેટ) પર જ રજૂઆત કરતું આવેદનપત્ર ચોંટાડી દીધું હતું અને હેડ ઓફિસના પરિસરમાં યુનિવર્સિટી તંત્રની હાય-હાયના ઘોષણાઓ સાથે જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા.

## કાપોદ્રામાં ઈક્કોમાં દારૂની 504 બોટલ, રૂ.5.12 લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ

અંકલેશ્વરના કાપોદ્રા વિસ્તારમાં ભરૂચ LCBએ દરોડો પાડી દમણથી ઈક્કો ગાડીમાં લાવવામાં આવી રહેલો રૂ.1.07 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ઈક્કો ગાડીના ચાલકની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મંગાવનાર સહિત છ શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. LCBને બાતમી મળી હતી કે નેશનલ હાઈવે-48 પર નવજીવન હોટલ પાછળ આવેલી પ્રતિષ્ઠા રેસિડેન્સીમાં રહેતા ઈદ્રીશ મન્મુખા શેખ તથા તેના બે પુત્રો રમજાન અને હમજાએ દમણથી ઈક્કો ગાડીમાં દારૂ મંગાવ્યો હતો. આ જથ્થો કાપોદ્રા ગામની અયોધ્યાપુરમ સોસાયટી પાછળ ઉતારવાનો હતો. ઈદ્રીશ તથા તેના પુત્રો નંબર પ્લેટ વગરની સ્વિફ્ટ કારમાં ઈક્કોનું પાયલોટિંગ કરી રહ્યા હતા. બાતમીના આધારે LCBએ સ્થળ પર દરોડો પાડતાં ઈક્કો ગાડીમાંથી વિવિધ બ્રાન્ડની દારૂ અને બિયરની કુલ 504 બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ.1,07,160 હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દારૂનો જથ્થો, ઈક્કો ગાડી અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.5.12 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પાક્કો ગુજરાત ન્યૂઝ'ના અહેવાલની ધારદાર અસર

## ડભોઈ-સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ પરના ખાડા પૂરવા ઊંઘમાંથી જાગ્યું તંત્ર

ડભોઈ

વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન ધામ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા ડભોઈ-તિલકવાડા મુખ્ય માર્ગ પર પડેલા બિહામણા અને જાનલેવા ખાડાઓ સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા સતત પ્રજાનો અવાજ ઉઠાવવામાં આવ્યા બાદ આખરે કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ બિસ્માર માર્ગ પર યુદ્ધના ધોરણે પેચવર્ક અને ખાડા પૂરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ડભોઈના કુંઢેલાથી લઈને બુજેઠા સુધીનો સમગ્ર માર્ગ છેલ્લા લાંબા સમયથી અત્યંત બિહામણી હાલતમાં ફેરવાઈ ગયો હતો. ઠેર-ઠેર પડેલા મોટા-મોટા ખાડાઓને કારણે વાહનચાલકો માટે આ માર્ગ પરથી પસાર થવું એ અકસ્માતને આમંત્રણ આપવા સમાન બની ગયું હતું.

અત્રે નોંધનીય છે કે આ રસ્તો માત્ર સ્ટેચ્યુ ઓફ યુનિટી જનારા પ્રવાસીઓ માટે જ નહીં, પરંતુ સુપ્રસિદ્ધ યાત્રાધામ કરનાળી, ચાંદોદ, પોઈચા (નીલકંઠધામ) અને રાજપીપળા જવા માટેનો મુખ્ય ધમધમતો હાઈવે છે. રોજિંદા હજારો સ્થાનિક રહીશો, વેપારીઓ અને દેશ-વિદેશના યાત્રાળુઓ અહીંથી પસાર થાય છે. ખાડાઓના કારણે સતત ગંભીર અકસ્માતનો ભય મંડરાતો હતો અને વાહનોનો પણ કચ્ચરઘાણ નીકળી જતો હતો.

સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકો દ્વારા વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં નિષ્ઠુર બનેલા તંત્રના પેટનું પાણી હલતું નહોતું. આખરે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ટીમે જનહિતને ધ્યાને રાખીને બિસ્માર માર્ગના તાજા દ્રશ્યો અને વાહનચાલકોની દર્દનાક હાલાકીને ઉજાગર કરતા ધારદાર અને સચોટ અહેવાલો પ્રસારિત કર્યા હતા. મીડિયાના આ અહેવાલની સીધી અને ત્વરિત અસર જોવા મળી છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તાબડતોબ દોડતા થયા હતા અને કુંઢેલાથી બુજેઠા સુધીના આખા પટ્ટા પર રોડ સમારકામ, પેચવર્ક અને ખાડા પૂરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાવી દીધી છે. તંત્ર દ્વારા રોડનું સમારકામ શરૂ કરાતાં જ સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતા પ્રવાસીઓ, યાત્રાળુઓ સહિત સ્થાનિક ગ્રામજનો અને વેપારીઓમાં ભારે રાહતની લાગણી ફેલાઈ છે.

## સુરતમાં સામાજિક કલંક: દલિત ડૉક્ટરને જાતિના નામે મકાન આપવાનો ઈનકાર! સંગઠનોમાં ભારે આક્રોશ, ઉગ્ર વિરોધ શરૂ

સુરત

ડિજિટલ યુગ અને ૨૧મી સદીમાં એક તરફ દેશ પ્રગતિની મોટી મોટી વાતો કરી રહ્યો છે, ત્યારે બીજી તરફ સુરત શહેરમાંથી સામાજિક માનસિકતાના પતન અને જાતિવાદનું અતિ કરૂણ તેમજ શરમજનક ચિત્ર સામે આવ્યું છે. સુરતમાં એક ઉચ્ચ શિક્ષિત દલિત ડૉક્ટરને માત્ર તેમની જાતિના આધારે સોસાયટીમાં મકાન આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે સમગ્ર વિસ્તાર સહિત રાજ્યભરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીડિત દલિત ડૉક્ટરે સુરતની એક સોસાયટીમાં મકાન લેવા કે ભાડે રાખવા માટેની તમામ પ્રક્રિયા હાથ ધરી હતી. પરંતુ સોસાયટીના કેટલાક જાતિવાદી માનસિકતા ધરાવતા હોદ્દેદારો અને સભ્યોએ ડૉક્ટરની વ્યાવસાયિક લાયકાત કે માનવતાને બાજુ પર મૂકી, માત્ર તેઓ દલિત સમાજમાંથી આવતા હોવાના કારણે તેમને સોસાયટીમાં મકાન આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. આ ઘટનાની જાણ થતાં જ દલિત સમાજ તેમજ વિવિધ સામાજિક અને બહુજન સંગઠનોમાં ભારે રોષની વંટોળ ઊભી થઈ છે. સમાજના અગ્રણીઓએ આ ઘટનાને બંધારણ અને માનવ અધિકારો પરનો સીધો પ્રહાર ગણાવ્યો છે. દેશના નાગરિકોના આરોગ્યની રક્ષા કરતા એક જવાબદાર ડૉક્ટર સાથે જો જાતિના આધારે આવો ભેદભાવ કરવામાં આવતો હોય, તો સામાન્ય નાગરિકોની સ્થિતિ શું હશે તેવો અણીયારો સવાલ હવે ઊભો થયો છે.

પ્રમુખ અને COની ચેમ્બર ઘેરવાની આપી ખુલ્લી ધમકી!

## ડીસા-પાલનપુર હાઇવે પર ગંદકીનું સામ્રાજ્ય: નરકાગાર બનેલા રોડથી સ્થાનિકો આક્રોશિત

ડીસા

બનાસકાંઠા જિલ્લાના મહત્વના વેપારી મથક ડીસામાં નગરપાલિકાના ભ્રષ્ટ અને નિષ્ક્રિય વહીવટના કારણે પ્રજાની ધીરજ ખૂટી ગઈ છે. ડીસા-પાલનપુર હાઈવે પર ચારેકોર ફેલાયેલા ગંદકીના સામ્રાજ્ય અને ઉભરાતી ગટરના દૂષિત પાણીના કારણે વિસ્તાર નરકાગારમાં ફેરવાઈ ગયો છે. વારંવારની રજૂઆતો છતાં પાલિકાતંત્રના પેટનું પાણી ન હલતાં હવે સ્થાનિક નાગરિકો અને વેપારીઓએ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. રહીશોએ નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર (CO) ની ચેમ્બર ઘેરવાની અને તાળાબંધી કરવાની સીધી ધમકી આપી દેતાં પાલિકા છાવણીમાં ભારે ખળભળાટ મચી ગયો છે. સૌથી વધુ ખરાબ સ્થિતિ ડીસા નગરપાલિકાના વોર્ડ નંબર ૩ અને



હાઈવે નજીકના વિસ્તારોની છે. અહીં છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજ લાઈનો જામ થઈ ગઈ છે અને રોડ પર ગંદુ પાણી તળાવની જેમ ભરાયેલું રહે છે. દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવના કારણે સ્થાનિકોનું જીવવું હરામ થઈ ગયું છે. આગામી દિવસોમાં જગતજનની અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો યોજાઈ રહ્યો છે. માઈભક્તો અને પગપાળા સંઘો ડીસા-પાલનપુર હાઈવે પરથી જ પસાર થતા હોય છે.

આવી સ્થિતિમાં હાઈવે પર ફેલાયેલી આ ગંદકીના કારણે પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓના આરોગ્ય સામે ગંભીર સવાલો ઊભા થયા છે. વિસ્તારમાં કોલેરા અને રોગચાળો ફાટી નીકળવાની ભારે ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે પાલિકાના સત્તાધીશો અને ચીફ ઓફિસર માત્ર કાગળ પર જ કામગીરી બતાવે છે. અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. જો ત્વરિત ધોરણે ગંદકી અને ડ્રેનેજની સમસ્યા દૂર કરવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં હજારો સ્થાનિકો નગરપાલિકા કચેરી ખાતે મોરચો માંડશે અને પ્રમુખ તથા ચીફ ઓફિસરની ચેમ્બરને ઘેરાવ કરી વિરોધ પ્રદર્શન કરશે.

## જૂની અદાવતમાં હિતેશની હત્યા, આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો




નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જુનારાજુવાડીયા નવીનગરીમાં જૂની અદાવતના પગલે યુવાનની હત્યા થતાં ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. ઘર આગળ સૂઈ રહેલા હિતેશભાઈ મનસુખભાઈ વસાવા પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી તેમની હત્યા કરવામાં આવી હોવાની ફરિયાદ આમલેથા પોલીસ મથકે નોંધાઈ છે. ફરિયાદી નરોત્તમભાઈ ભયલાલ વસાવા (ઉં.વ. 50)ની ફરિયાદ મુજબ, વર્ષ 2013માં તેમના કુટુંબી ભાઈ કિરીટભાઈ ઉર્ફે ગણેશ બાવાભાઈ વસાવા સાથે હિતેશભાઈ મનસુખભાઈ વસાવાનો ઝઘડો થયો હતો. આ દરમિયાન હિતેશભાઈએ કિરીટભાઈ ઉર્ફે ગણેશને માર મારતાં તેમનું મોત થયું હતું. આ જૂની અદાવત રાખી હત્યા કરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. તા. 10 સપ્ટેમ્બર 2026ની રાત્રે 10 વાગ્યાથી તા. 11 સપ્ટેમ્બરની સવારે 7 વાગ્યા દરમિયાન કોઈપણ સમયે જુનારાજુવાડીયા નવીનગરી ખાતે ફરિયાદીના ઘર આગળ હિતેશભાઈ સૂતા હતા. તે દરમિયાન કરણભાઈ કિરીટભાઈ વસાવાએ તેમના ડાબા કાન, ડાબી પાંપણ અને ગાલના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી લોહીલુહાણ કરી દીધા હતા. ગંભીર ઈજાઓના કારણે હિતેશભાઈનું મોત થયું હતું. ઘટના બાદ આરોપી સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.


## તંત્રી લેખ...

# AI ટેકનોલોજીનો વિકૃત દુરુપયોગ અને સ્ત્રી-મર્યાદાનું જાહેર ચીરહરણ: રાજકીય નૈતિકતાના પતન સામે લાલબત્તી

રાજકારણમાં વૈચારિક મતભેદ, તીખા પ્રહારો અને નીતિઓની કડક સમીક્ષા લોકશાહીનો પ્રાણ છે. પરંતુ જ્યારે રાજકીય વિરોધ વ્યક્તિગત ચરિત્રહનન અને અશ્લીલતાની નિમ્ન સપાટીએ પહોંચી જાય, ત્યારે તે માત્ર રાજકીય ગંદકી નથી રહેતી, પણ સમગ્ર સમાજના નૈતિક માળખા પર થયેલો ઘાતક પ્રહાર બની જાય છે. તાજેતરમાં ટેકનોલોજીના માધ્યમથી AI-જનરેટેડ (આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ) વિકૃત અને અશ્લીલ તસવીરોનો ઉપયોગ કરીને વરિષ્ઠ મહિલા નેતા સોનિયા ગાંધીની છબીને મલીન કરવાનો પ્રયાસ ડિજિટલ યુગમાં નૈતિકતાના સંપૂર્ણ પતનનો સંકેત આપે છે.

સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે જ્યારે આવા કૃત્યોને સત્તાધારી પક્ષના અધિકૃત કે સંબંધી પ્લેટફોર્મ્સ પરથી પ્રોત્સાહન કે મૌન સંમતિ મળે છે. જે પક્ષ પોતાની ઓળખ ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ અને નારી પૂજનના દાવાઓ સાથે જોડે છે, તે જ પક્ષના પ્લેટફોર્મ પરથી જ્યારે સ્ત્રી-મર્યાદાનું જાહેર ચીરહરણ થતું હોય, ત્યારે તે સમાજ માટે અત્યંત ગંભીર ચેતવણી છે. સ્ત્રીને અપમાનિત કરીને કે તેના ચરિત્ર પર કાદવ ઉછાળીને રાજકારણ જીતી શકાતું નથી; આવા કૃત્યોથી રાજકીય ક્ષેત્રે માનવતા અને સંવેદનશીલતા હારી જાય છે.

આ મુદ્દો માત્ર એક રાજકીય પક્ષ કે લગભગ ૮૦ વર્ષના વયસ્ક




મહિલા નેતા પૂરતો સીમિત નથી. આ નવી ટેકનોલોજીના ભયાનક અને અનિયંત્રિત દુરુપયોગની એક એવી વિષચક્રની શરૂઆત છે, જે આવનારા સમયમાં કોઈપણ નાગરિક માટે ઘાતક સાબિત થઈ શકે છે. આજે જો રાજકીય ફાયદા માટે એક વરિષ્ઠ મહિલાની સન્માનજનક છબીને AI ની મદદથી ક્ષણભરમાં વિકૃત કરી શકાતી હોય, તો કાલે આ વિકૃત માનસિકતાનો ભોગ સમાજની કોઈપણ સામાન્ય મહિલા, માતા, બહેન કે પત્ની બની શકે છે. વિકૃત મનોવૃત્તિ ધરાવતા લોકો માટે કોઈ નૈતિક રેખા હોતી નથી. જો આજના દિવસે મૌન રહીને આ પ્રવૃત્તિને સ્વીકારી લેવામાં આવશે, તો કાલે દરેક ઘરની સ્ત્રીનું સન્માન જોખમમાં મુકાશે.

ટેકનોલોજીનો નિર્માણ માનવજીવનને સરળ અને સમૃદ્ધ બનાવવા માટે થયો હતો, પરંતુ જ્યારે તેનો ઉપયોગ સંસ્કારના નામે વિરોધીઓને નીચા દેખાડવા અને અશ્લીલતા ફેલાવવા માટે થાય, ત્યારે ટેકનોલોજી સામાજિક વિનાશનું હથિયાર બની જાય છે. રાજકારણમાં જીત અને હાર સામાયિક છે, સત્તા આજે છે અને કાલે જતી રહેશે, પરંતુ સ્ત્રીના સન્માનનો બલિ ચડાવીને મેળવેલી સત્તા ક્યારેય સમાજનું કલ્યાણ કરી શકતી નથી.

હવે સમય આવી ગયો છે કે સમાજે પોતાના પક્ષપાતી ચશ્મા ઉતારીને અરીસામાં સાચું ચિત્ર જોવું પડશે. રાજકીય વિચારધારા ગમે તે હોય, પરંતુ સ્ત્રી-મર્યાદાના રક્ષણ અને નૈતિક મૂલ્યોના મુદ્દે આકરા પાણીએ વિરોધ કરવો જ પડશે. હદ પાર કરનાર અને વિકૃત માનસિકતા ફેલાવનારાઓને ઓળખીને જો આજે લાલબત્તી ધરવામાં નહીં આવે, તો આ સામાજિક અરાજકતા દેશના ભવિષ્યને અંધકાર તરફ ધકેલી દેશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દિલ્હીમાં સાંસદોનું 'મૌન' અને રેલ્વેમાં અણઘડ વહીવટ:

## પશ્ચિમ રેલ્વે તંત્ર સામે પૂર્વ DRUCC સભ્ય કશ્યપ વ્યાસના આકરા પ્રહારો

અમદાવાદથી વિશેષ રજૂઆત

તહેવારોની મોસમ અને વેકેશનના દિવસો નજીક આવતા જ પશ્ચિમ રેલ્વેનું અમદાવાદ ડિવાઈઝન ફરી એકવાર વિવાદના ઘેરાવામાં આવી ગયું છે. એક તરફ સામાન્ય નાગરિક કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા પછી પણ કન્ફર્મ ટિકિટ માટે રઝળપાટ કરી રહ્યો છે, તો બીજી તરફ વહીવટી તંત્રમાં બેઠેલા ઉચ્ચ અધિકારીઓ અને પ્રજા દ્વારા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ આ પરિસ્થિતિ સામે સંપૂર્ણપણે આંખ આડા કાન કરી રહ્યા છે.

પશ્ચિમ રેલ્વે મુંબઈના જનરલ મેનેજર (GM) શ્રી પાંડેજી અને અમદાવાદ ડિવાઈઝનના વરિષ્ઠ અધિકારીઓની કાર્યશૈલી સામે ભારે રોષ વ્યક્ત કરતા ભૂતપૂર્વ DRUCC (ડિવિઝનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી) સભ્ય કશ્યપ કે. વ્યાસે ખુલ્લો આક્રોશ ઠાલવ્યો છે. તેમણે તંત્રની નિષ્ક્રિયતા અને અધિકારીઓની અક્ષમતા પર તીખા બાણ ચલાવ્યા છે.

**દિલ્હીમાં ૨૫ સાંસદોનું કોઈ 'ઉપજતું' નથી!**

કશ્યપ વ્યાસે ગુજરાતના લોકસભા સાંસદોની ભૂમિકા સામે ગંભીર સવાલો ઉઠાવતા જણાવ્યું છે કે, ગુજરાતમાંથી ચૂંટાઈને સંસદમાં પહોંચેલા ૨૫ સાંસદો પ્રજાના આ મહત્વપૂર્ણ પ્રશ્ને સંપૂર્ણપણે નિષ્ક્રિય થઈ ગયા છે. દિલ્હી સ્તરેથી રેલ્વે મંત્રાલય પાસેથી નવી ટ્રેનો મંજૂર કરાવવી, ગુજરાતના રૂટ પર વધારાના કોચ ફાળવવા કે મુસાફરોની સુવિધા માટે રજૂઆત કરવામાં આ સાંસદોનું કશું જ ઉપજતું નથી. લોકપ્રતિનિધિઓની આ ઉદાસીનતાનું સીધું પરિણામ રાજ્યની આમ જનતાને ભોગવવું પડી રહ્યું છે.

**રાજકીય આકાઓના જોરે અણઘડ અધિકારીઓની નિમણૂક?**

અહેવાલો મુજબ, અમદાવાદ ડિવાઈઝનમાં સિનિયર ડીસીએમ (Sr. DCM) તરીકે કાર્યરત અનુ ત્યાગી જેવા અધિકારીઓની નિમણૂક સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. આક્ષેપ કરાયો છે કે રાજ્યસભાના કોઈ સદસ્યના અંગત માનીતા હોવાના કારણે આવા અધિકારીઓને અમદાવાદ જેવા મહત્વના અને વ્યસ્ત ડિવાઈઝનની જવાબદારી સોંપી દેવામાં આવી છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે તેમને વહીવટી કામગીરીનું કોઈ યોગ્ય જ્ઞાન કે અનુભવ નથી. અમદાવાદ ડિવિઝનમાં હાલ માત્ર એકાદ એસીએમ (ACM) કે ડીસીએમ (DCM) સ્તરના અધિકારીને જ કામની સમજ છે, બાકીના મોટાભાગના અધિકારીઓ ત્યાગી જેવા જ અક્ષમ સાબિત થઈ રહ્યા છે.

**ભૂતકાળની સુસજ્જ પ્રણાલી નેવે મુકાઈ**

અગાઉના વર્ષોની સરખામણી કરતા તેમણે યાદ અપાવ્યું હતું કે ભૂતકાળમાં તહેવારો કે ભીડના સમયના ઓછામાં ઓછા ૯૦ દિવસ પહેલાં ઓપરેટિંગ અને કોમર્શિયલ વિભાગની સંયુક્ત મીટિંગ યોજાતી હતી. આ બેઠકમાં આગલા વર્ષે કઈ કઈ ટ્રેનોમાં મુસાફરોના ઘોડાપૂર ઉમટ્યા હતા તેનો વિગતવાર સર્વે કરાતો હતો.

ત્યારબાદ વરિષ્ઠ વાણિજ્ય અધીક્ષક દ્વારા આખું આયોજન તૈયાર કરી ડીઆરએમ (DRM) ને જાણ કરવામાં આવતી અને મુખ્ય મથક (Headquarters) ખાતે સ્પેશિયલ ટ્રેનો ચલાવવા તથા નિયમિત ટ્રેનોમાં વધારાના કોચ જોડવાની પૂર્વ મંજૂરી મેળવી લેવાતી હતી. આ સુચારુ પ્રક્રિયાને કારણે મુસાફરોને ભારે રાહત મળતી હતી, પરંતુ વર્તમાન તંત્રમાં આવી કોઈ પૂર્વ તૈયારી કે આયોજન દેખાતું નથી.

**મુસાફરોની મદદ માટે GM અને CCM સીધો હસ્તક્ષેપ કરે**

પરિસ્થિતિ વધુ વણસે તે પહેલા પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર (GM) અને ચીફ કોમર્શિયલ મેનેજર (CCM) એ પોતે આગળ આવીને સ્થિતિની સમીક્ષા કરવી જોઈએ. અમદાવાદ ડિવાઈઝનમાં ચાલતી આવી અણઘડ નીતિઓ પર લગામ કસીને મુસાફરોની સુવિધા અર્થે તાત્કાલિક ધોરણે નવી ટ્રેનો અને વધારાના કોચની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. જો વહેલી તકે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો રેલ્વે પ્રશાસન સામે મુસાફરોનો આક્રોશ વધુ આક્રમક બને તેમ દેખાઈ રહ્યું છે.

# 2029નું ગણિત અને વિપક્ષી વ્યૂહરચના: માત્ર હવાની વાત કે નક્કર રાજકીય ભવિષ્ય?

રાજકીય ગલિયારામાં અત્યારથી જ ૨૦૨૯ની રાષ્ટ્રીય ચૂંટણીને લઈને અટકળો અને ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે. ભાજપ વિરુદ્ધ વાતાવરણ સર્જવાની અને ભાજપને ઘરભેગો કરવાની વાતો સોશિયલ મીડિયા અને રાજકીય કચાસમાં ચોક્કસ વહેતી થઈ છે, પરંતુ આ હકીકત એ છે કે પાયાના સ્તરે કામ કર્યા વગર અને યોગ્ય વ્યૂહરચના વિના આ તમામ દાવા માત્ર એક થિયરીકલ કલ્પના બનીને જ રહી જશે.

**પાયાના સ્તરે સંગઠનનો અભાવ**

વિપક્ષ સામે સૌથી મોટો પડકાર એ છે કે ભાજપનું કેડર-બેઝ્ડ બૂથ મેનેજમેન્ટ અત્યંત મજબૂત છે. માત્ર બયાનબાજી કે ચૂંટણી ટાણે રચાતા ગઠબંધનથી બેઠકો જીતી શકાતી નથી. જ્યાં સુધી વિરોધપક્ષ ગામડાઓ અને ગ્રાસરૂટ લેવલે પોતાના કાર્યકરોનું નેટવર્ક મજબૂત નહીં કરે, ત્યાં સુધી અગાઉની હારનું પુનરાવર્તન જ થશે. ખડગેજીનો ચહેરો: કેટલો ઘાતક અને તાર્કિક વિકલ્પ? મલ્લિકાર્જુન ખડગેજીના નામ પર અત્યારથી જ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે સર્વસંમતિ સાધવાની વાત રાજકીય દ્રષ્ટિએ ખૂબ મહત્વની છે.

અનુભવનો ભંડાર: ખડગેજી પાંચ દાયકાથી વધુનો બહોળો રાજકીય અને વહીવટી અનુભવ ધરાવે છે. તે એક અનુભવી અને શાંત રાજનીતિજ્ઞ છે, જે તમામ પ્રાદેશિક પક્ષોને એક તાંતણે બાંધી રાખવાની ક્ષમતા ધરાવે છે.

સામાજિક અને રાજકીય સમીકરણ: ખડગેજીની છબી સ્વચ્છ છે અને તેઓ નીચલા વર્ગ અને દલિત સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે. જો વિપક્ષ તેમને આગામી ચહેરા તરીકે પ્રોજેક્ટ કરે, તો ભાજપ માટે તેમના પર વ્યક્તિગત પ્રહારો કરવા સરળ નહીં રહે.

પરીવારવાદના આક્ષેપ સામે રક્ષણ: કોંગ્રેસ અને વિપક્ષ પર સતત લાગતા પરિવારવાદના આરોપોને ખડગેજીનો ચહેરો એક જ ઝાટકે નિષ્ફળ બનાવી શકે છે.

વ્યક્તિગત ચહેરા કરતા 'એકતા' અને 'નીતિ' જરૂરી

અગાઉની ચૂંટણીઓમાં વિપક્ષની સૌથી મોટી નબળાઈ એ રહી છે કે ચૂંટણી પહેલાં વડાપ્રધાન પદના દાવેદાર અંગે સ્પષ્ટતા હોતી નથી. જો ૨૦૨૯ માટે તમામ વિરોધપક્ષો અહંકાર છોડીને ખડગેજી જેવા અનુભવી અને સર્વસ્વીકૃત ચહેરા પર અત્યારથી જ મહોર મારી દે, તો જ મતદારો સમક્ષ એક સ્પષ્ટ વિકલ્પ ઊભો થઈ શકે.

**નિષ્કર્ષ**

રાજકારણ એ કેવળ ઈચ્છાઓ કે ભાષણોનો ખેલ નથી. જો વિપક્ષે ૨૦૨૯માં સત્તા પરિવર્તન કરવું હોય, તો તેમણે ઘરબેઠા હવાઈ દાવાઓ કરવાને બદલે પ્રજા વચ્ચે જઈને કામ કરવું પડશે. ખડગેજીના અનુભવનો લાભ લઈને એક મજબૂત અને એકજૂથ ગઠબંધન ઊભું કરવામાં આવે તો જ ભાજપ સામે એક પડકારજનક લડાઈ લડી શકાશે, નહીંતર અગાઉની હારનું પુનરાવર્તન થવું એ નિશ્ચિત બાબત છે.

# BRICS સંગઠન પર કોંગ્રેસની આંતરિક ખેંચતાણ બાદ સ્પષ્ટતા

## પી. ચિદમ્બરમના સવાલો પછી પક્ષે કહ્યું– "ભારતે આ મંચનો ઉપયોગ દેશહિતમાં કરવો જોઈએ"

નવી દિલ્હી

વૈશ્વિક રાજનીતિ અને આર્થિક સમીકરણોમાં અત્યંત મહત્વપૂર્ણ ગણાતા BRICS (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા) સંગઠનમાં ભારતની ભૂમિકાને લઈને દેશના મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસની અંદર એક મહત્વપૂર્ણ વૈચારિક વળાંક સામે આવ્યો છે. પૂર્વ નાણાં મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમ દ્વારા BRICS ની ઉપયોગિતા પર સવાલો ઉઠાવવામાં આવ્યા બાદ, હવે કોંગ્રેસ પક્ષે સત્તાવાર સ્પષ્ટતા કરીને પોતાનું વલણ જાહેર કર્યું છે. કોંગ્રેસે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ભારતે વૈશ્વિક સ્તરે પોતાના રાષ્ટ્રીય હિતો (National Interests) ની સુરક્ષા માટે BRICS જેવા મહત્વના મંચનો મહત્તમ અને અસરકારક ઉપયોગ કરવો જોઈએ.

### પી. ચિદમ્બરમના સવાલોથી ઊભો થયેલો વિવાદ

ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે પૂર્વ નાણાં મંત્રી પી. ચિદમ્બરમે BRICS સંગઠનની પ્રાસંગિકતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કર્યું હતું. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે શું ચીન અને રશિયાના પ્રભુત્વ ધરાવતા આ મંચ પરથી ભારતને વાસ્તવિક રીતે કોઈ મોટો રાજનૈતિક કે



આર્થિક ફાયદો થઈ રહ્યો છે કે નહીં. ચિદમ્બરમના આ નિવેદન બાદ રાજકીય ગલિયારામાં ભારે ચર્ચા જાગી હતી અને ભાજપ સમેત વિવિધ વર્તુળો તરફથી કોંગ્રેસની વિદેશ નીતિ અંગે પ્રહારો શરૂ થયા હતા.

### કોંગ્રેસ પક્ષની સત્તાવાર સ્પષ્ટતા

વિવાદ વધતાં જ કોંગ્રેસ પક્ષે ત્વરિત મોરચો સંભાળીને પક્ષના સત્તાવાર સ્ટેન્ડ અંગે સ્પષ્ટતા કરી છે. પક્ષના વરિષ્ઠ પ્રવક્તાઓ અને નેતાગીરીએ જણાવ્યું કે:

BRICS નું ગઠન અને ભારતીય હિત: BRICS ની સ્થાપનામાં અને તેના વિકાસમાં ભારતનો સક્રિય ફાળો રહ્યો છે. વિશ્વના બહુધ્રુવીય (Multipolar) બનાવવામાં આ સંગઠનની ભૂમિકા મહત્વની છે.

દેશહિત સર્વોપરી: પક્ષીય રાજનીતિથી ઉપર ઉઠીને વિદેશ નીતિના મુદ્દે ભારતે પોતાના વ્યાપારી, આર્થિક અને વ્યૂહાત્મક હિતો સિદ્ધ કરવા માટે BRICS જેવા ગ્લોબલ પ્લેટફોર્મ પર પોતાની મજબૂત પકડ જાળવી રાખવી પડશે.

ગ્લોબલ સાઉથનો અવાજ: ગ્લોબલ સાઉથ (વિકાસશીલ દેશો) ના મુદ્દાઓને વાચા આપવા માટે BRICS એક સશક્ત માધ્યમ છે, જ્યાં ભારતે ચીન કે અન્ય દેશોના પ્રભાવ સામે પોતાનો સ્વતંત્ર અવાજ બુલંદ કરવો જોઈએ.

### રાજકીય અને વ્યૂહાત્મક માયનો

કોંગ્રેસની આ સ્પષ્ટતા દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય અને વિદેશ નીતિના મામલે પક્ષ પોતાના જૂના અને અનુભવી નેતાઓના અંગત વિચારો કરતાં દેશના રાષ્ટ્રીય હિતોના વલણને વધુ પ્રાધાન્ય આપી રહ્યો છે. વિશ્વ સ્તરે જ્યારે આર્થિક મંદી અને જીઓ-પોલિટિકલ તણાવ વધી રહ્યો છે, ત્યારે BRICS ના મંચ પર ભારતની હાજરી અને સક્રિયતા અત્યંત જરૂરી હોવાનું હવે તમામ રાજકીય પક્ષો સ્વીકારી રહ્યા છે.

# સ્ક્રીનની ચમકમાં ઝાંખા પડતા સંબંધો : મોબાઈલને સાધન બનાવીએ, સંબંધોનો વિકલ્પ નહીં




આજનો માણસ ટેક્નોલોજીની દુનિયામાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે. હાથમાં રહેલો નાનકડો મોબાઈલ ફોન જાણે આખી દુનિયાને પોતાની અંદર સમાવી બેઠો છે. એક ક્લિકમાં સમાચાર, મનોરંજન, શિક્ષણ, વ્યવસાય, મનોવિકાસ અને વિશ્વભરના લોકો સાથે સંપર્ક શક્ય બન્યો છે. પરંતુ આ જ મોબાઈલ ક્યારેક આપણને પોતાની જ નજીકની વ્યક્તિઓથી દૂર લઈ જાય છે–આ એક ગંભીર સામાજિક પ્રશ્ન છે.

એક જ ઘરમાં રહેતા પરિવારના ચાર સભ્યો એકબીજાની સામે બેઠા હોય, છતાં દરેકની નજર અલગ-અલગ મોબાઈલની સ્ક્રીન પર હોય છે. ઘરમાં સંવાદ ઓછો અને સ્ક્રોલિંગ વધારે જોવા મળે છે. માતા કંઈ કહે છે, સંતાનના કાનમાં ઈયરફોન હોય છે; પિતા વાત કરવા માંગે છે, સંતાન સોશિયલ મીડિયામાં વ્યસ્ત હોય છે; ભાઈ-બહેન એકબીજાની બાજુમાં બેઠાં હોય છતાં એકબીજાને મેસેજ કરતા જોવા મળે છે.

આ દૃશ્ય માત્ર ટેક્નોલોજીના વધતા ઉપયોગનું નહીં, પરંતુ સંબંધોમાં ઘટતા સંવાદનું પણ પ્રતિબિંબ છે.

કાવ્યપંક્તિ :

"સ્ક્રીનની દુનિયામાં સૌને શોધતા રહ્યા,  
પણ પોતાના જ લોકો ક્યાં છે, એ પૂછવાનું ભૂલી ગયા.  
વાતો માટે સમય નહોતો, સંદેશાઓ હજારો હતા,  
સંબંધો જીવતા હતા, પણ સંવાદો ક્યાંક ખોવાઈ ગયા."

મોબાઈલ ખરાબ નથી. સોશિયલ મીડિયા પણ દુશ્મન નથી. ખરાબી ત્યારે શરૂ થાય છે, જ્યારે સાધન આપણું જીવન ચલાવવા લાગે અને આપણે સાધનના ગુલામ બની જઈએ.

મોબાઈલનો યોગ્ય ઉપયોગ જ્ઞાનનું શક્તિશાળી માધ્યમ બની શકે છે. વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ છે, ખેડૂતો માટે ખેતીલક્ષી માહિતી છે, વેપારીઓ માટે બજારની માહિતી છે, નોકરી શોધતા યુવાનો માટે રોજગારની તકો છે અને સામાન્ય માણસ માટે વિશ્વની માહિતી હાથવગી છે. એટલે પ્રશ્ન મોબાઈલનો નથી; પ્રશ્ન છે આપણી ઉપયોગ કરવાની રીતનો.

ખાસ કરીને બાળકો અને કિશોરોમાં મોબાઈલના અતિરેક ઉપયોગ અંગે માતા-પિતાએ જાગૃત થવાની જરૂર છે. બાળકને મોબાઈલ આપીને શાંત કરી દેવું સરળ છે, પરંતુ તેની સાથે બેસીને વાત કરવી, તેની સમસ્યા સાંભળવી અને તેની સાથે સમય પસાર કરવો વધુ જરૂરી છે.

બાળકને મોંઘું રમકડું આપતાં પહેલાં થોડો કિંમતી સમય આપીએ.

પરિવારમાં રોજ થોડો સમય એવો નક્કી કરી શકાય કે જેમાં કોઈના હાથમાં મોબાઈલ ન હોય. સાથે બેસીને ભોજન કરવું, દિવસભરની વાતો કરવી, વડીલો સાથે વાતો સાંભળવી, બાળકોની વાત ધ્યાનથી સાંભળવી–આ નાનાં પગલાં પરિવારના સંબંધોમાં મોટો ફેરફાર લાવી શકે છે.

આપણે ઘણી વખત બાળકોને કહીએ છીએ કે, "મોબાઈલ ઓછો વાપરો." પરંતુ બાળક આપણું વર્તન પણ જોઈ રહ્યું હોય છે. જો માતા-પિતા સતત મોબાઈલમાં વ્યસ્ત રહે, તો માત્ર ઉપદેશથી બાળકમાં બદલાવ આવવો મુશ્કેલ છે.

બાળકોને મોબાઈલથી દૂર રાખવાનો સૌથી અસરકારક રસ્તો માત્ર નિયમો બનાવવાનો નથી, પરંતુ તેમને પરિવારનો પ્રેમ અને સમય આપવાનો છે.

સોશિયલ મીડિયાએ આપણને હજારો લોકો સાથે જોડ્યા છે, પરંતુ ક્યારેક પોતાના ઘરના માણસ સાથે વાત કરવાની ટેવ છીનવી લીધી છે. આપણે અજાણ્યા વ્યક્તિની પોસ્ટને તરત પસંદ કરીએ છીએ, પરંતુ ઘરમાં બેઠેલી માતાની વાત સાંભળવા સમય કાઢતા નથી. કોઈના જન્મદિવસની પોસ્ટ પર સુંદર શબ્દો લખીએ છીએ, પરંતુ પોતાના વડીલોના ચહેરા પરનું એકાંત વાંચવાનું ભૂલી જઈએ છીએ.

આપણે વિચારવું પડશે કે ડિજિટલ દુનિયામાં જોડાયેલા રહેવું અને માનવીય સંબંધોમાં જોડાયેલા રહેવું–બંને એકસરખી બાબતો નથી.

સમાજને આજે વધુ મોબાઈલની નહીં, વધુ માનવતા અને વધુ સંવાદની જરૂર છે.

ચાલો, એક નાનો સંકલ્પ કરીએ–  
રોજ થોડો સમય મોબાઈલ માટે નહીં, પરંતુ પરિવાર માટે રાખીએ.  
વડીલો સાથે વાત કરીએ.  
બાળકોને સાંભળીએ.  
મિત્રોને માત્ર મેસેજ નહીં, ક્યારેક ફોન પણ કરીએ.  
અને સૌથી મહત્વનું–જ્યારે કોઈ વ્યક્તિ આપણી સામે બેઠી હોય ત્યારે તેની આંખોમાં જોઈને વાત કરીએ.

કારણ કે મોબાઈલની સ્ક્રીન તૂટે તો નવી ખરીદી શકાય છે, પરંતુ તૂટેલા સંબંધોને ફરી એ જ સ્વરૂપમાં જોડવા હંમેશાં શક્ય નથી હોતું.

કાવ્યપંક્તિ :

"થોડું સ્ક્રોલિંગ ઓછું કરીએ, થોડું જીવન વાંચીએ,  
થોડું વર્ચ્યુઅલ ઓછું જીવીએ, થોડું વાસ્તવિક બનીને મળીએ.  
મોબાઈલ હાથમાં રહે, પણ હૃદય પર તેનો કબજો ન થાય,  
સંબંધોની ગરમાહટમાં માનવતા ફરીથી જીવંત થાય."

આજના યુગમાં ટેક્નોલોજીથી દૂર ભાગવાની જરૂર નથી; પરંતુ ટેક્નોલોજીનો સંયમિત, સમજદારીભર્યો અને માનવકેન્દ્રિત ઉપયોગ કરવાની જરૂર છે. મોબાઈલ આપણું જીવન સરળ બનાવે તે સારી વાત છે, પરંતુ તે આપણા સંબંધોનું સ્થાન લઈ લે–એ સ્વીકાર્ય ન હોવું જોઈએ.


આપણે નક્કી કરવાનું છે કે મોબાઈલ આપણને ચલાવશે કે આપણે મોબાઈલને ચલાવીશું.

કારણ કે અંતે જીવનની સૌથી સુંદર યાદો કોઈ સ્ક્રીન પર નહીં, પરંતુ માણસોના સાથમાં, હૃદયના સંવાદમાં અને સંબંધોની હૂંફમાં લખાય છે.

**- રૂપેશ સોલંકી**

# કૈંચી ધામ: નીમ કરૌલી બાબાના દિવ્ય પરચાઓ અને અલૌકિક ચમત્કારોની ભૂમિ!

દેવભૂમિ ઉત્તરાખંડની પવિત્ર અને નયનરમ્ય પહાડીઓ વચ્ચે સ્થિત કૈંચી ધામ (Kainchi Dham) આજે માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના કરોડો શ્રદ્ધાળુઓ માટે અસીમ આસ્થા, શાંતિ અને દિવ્ય ઊર્જાનું વૈશ્વિક કેન્દ્ર બની ચૂક્યું છે. ૨૦મી સદીના મહાન અને અલૌકિક સંત નીમ કરૌલી બાબા (Neem Karoli Baba), જેમને તેમના અગણિત ભક્તો સાક્ષાત ભગવાન શ્રી હનુમાનજીનો અવતાર માને છે, તેમના




આશીર્વાદ અને પરચાઓની ગાથાઓ આજે પણ આ આશ્રમના કણ-કણમાં સાક્ષાત અનુભવાય છે.

**દિવ્ય ચમત્કારો અને પરચાઓની ભૂમિ**

બાબા નીમ કરૌલીજીના જીવન સાથે જોડાયેલી અદ્ભુત ઘટનાઓ આજે પણ આધુનિક વિજ્ઞાન અને માનવ બુદ્ધિને દંગ કરી દે છે:

પાણીમાંથી ઘી બનવાનો ચમત્કાર: આશ્રમની સ્થાપનાના પ્રારંભિક દિવસોમાં જ્યારે ભંડારા (વિશાળ રસોડા) માટે શુદ્ધ ઘી ઓછું પડ્યું, ત્યારે બાબાજીના આદેશથી ભક્તો નજીકમાં વહેતી શિપ્રા નદીમાંથી કાનસડા ભરીને પાણી લાવ્યા હતા. બાબાજીની કૃપાથી એ નદીનું પાણી કઢાઈમાં નાખતાં જ શુદ્ધ દેશી ઘીમાં પરિવર્તિત થઈ ગયું હતું!

કટોકટીમાં કળિયુગના સંકટમોચન: જ્યારે કોઈ ભક્ત પર કોઈ મોટું સંકટ આવવાનું હોય, ત્યારે બાબાજી તેના પહોંચતા પહેલા જ તેનો ઉકેલ લાવી દેતા.

વિશ્વના ધનકુબેરો અને દિગ્ગજોને મળી દિશા: એપલના સ્થાપક સ્ટીવ જોબ્સ (Steve Jobs), મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ (Mark Zuckerberg) અને હોલિવૂડ અભિનેત્રી જુલીયા રોબર્ટ્સ જેવી વૈશ્વિક હસ્તીઓ જ્યારે જીવનના ભારે નિરાશાજનક તબક્કામાંથી પસાર થઈ રહી હતી, ત્યારે કૈંચી ધામની મુલાકાત બાદ જ તેમના જીવનમાં અકલ્પનીય પરિવર્તન આવ્યું હતું.

### કૈંચી ધામની દિવ્ય ઊર્જા અને સાક્ષી

કૈંચી ધામ આશ્રમમાં પગ મૂકતાં જ કોઈપણ વ્યક્તિ પોતાના તમામ માનસિક તણાવ અને ચિંતા ભૂલીને એક અદ્રશ્ય શાંતિ અનુભવે છે. બાબાજીનો કોઈ વડો આડંબર નહોતો, તેમનો એક જ અલ્ટીમેટ મંત્ર હતો – 'સૌની સેવા કરો, સૌને પ્રેમ કરો અને ભગવાનનું સ્મરણ કરો.' તેમણે કોઈ મોટા ભાષણો આપ્યા વગર માત્ર પોતાના પ્રેમ અને કરુણાથી લાખો લોકોને સનાતન ધર્મ અને સાચી ભક્તિના માર્ગે વાળ્યા છે.

# સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓનો બહિષ્કાર: ધર્મના નામે પિતૃસત્તાક કુરિવાજ સામે ઉઠતો આક્રોશ

ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં નારીને 'શક્તિ'નું રૂપ માનવામાં આવી છે. જ્યાં રાધા-કૃષ્ણ અને સીતા-રામ જેવા નામોમાં પણ પુરુષ પહેલાં સ્ત્રીનું નામ પૂજનીય ગણાય છે, ત્યાં ૨૧મી સદીમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓ દ્વારા સ્ત્રીઓને નજર સામેથી દૂર કરી હાંસિયામાં ધકેલી દેવાની પરંપરા સામે એક ગંભીર અને સળગતો પ્રશ્ન ઊભો થયો છે. તાજેતરમાં પેરિસની ઘટના બાદ સોશિયલ મીડિયાથી લઈને સમાજના જાગૃત વર્ગમાં આ મનોવૃત્તિ સામે ભારે વિરોધનો વંટોળ ઊઠ્યો છે. નંદિગ્રામની ઘટના અને કડવો અનુભવ સાહિત્ય અને આધ્યાત્મનું કેન્દ્ર ગણાતા નંદિગ્રામમાં મકરંદ દવે અને 'સાત પગલાં આકાશમાં' જેવી નારીવાદી કાલજયી કૃતિના સર્જક કુંદનિકા કાપડિયાની ઉપસ્થિતિમાં બનેલી એક ઘટના ધાર્મિક કુરિવાજોના વરવા ચહેરાને ખુલ્લો કરે છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ મકરંદભાઈને મળવા આવ્યા, ત્યારે ત્યાં હાજર સ્ત્રીઓને બીજા રૂમમાં પૂરી દેવામાં આવી અથવા નજર સામેથી હટાવી દેવાઈ. પ્રશ્ન એ થાય છે કે જે સાહિત્યકારો નારી સમાનતાના પ્રતીક હતા, તેઓ પણ આ અનિષ્ટ પરંપરા સામે મૌન કેમ રહ્યા? સંયમ વગરનું સાધુત્વ કેવું? જો કોઈ વ્યક્તિ પોતાને 'સાધુ' કે 'ત્યાગી' કહેવડાવતી હોય અને છતાં સ્ત્રીની માત્ર હાજરીથી જ એનું મન વિચલિત થઈ જતું હોય, તો તેવા સાધુત્વની સાર્થકતા સામે મોટો પ્રશ્નાર્થ છે.



# સોઢાણામાં શ્રાવણીયા જુગારના બે અખાડા પર બગવદર પોલીસનો સપાટો

## સોઢાણા ગામે સીમમાં અને સોરઠી નદીના વેકરામા પૈસા-પાનાં વડે જુગાર રમતા 13 બાજીગરો ઝડપાયા :રૂ.25,900 રોકડ સહિત મુદ્દામાલ કબજે

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

શ્રાવણ માસ દરમિયાન પોરબંદર જિલ્લામાં દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને ડામવા પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બગવદર પોલીસે પણ જુગારની ફાલી ફૂલેલી બદી સામે લાલ આંખ કરી છે. પોલીસ સબ-ઈન્સ્પેક્ટર આર.એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ બગવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગાર વિરોધી ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવી છે.

આ ઝુંબેશના ભાગરૂપે અગાઉ સોઢાણા, ભોમીયાવદર અને સીમર ગામે અલગ-અલગ દરોડા પાડી જાહેરમાં ગંજીપાનાં વડે પૈસાની હારજીતનો જુગાર રમતા કુલ ૧૯ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. દરમિયાન તા.૧૧ સપ્ટેમ્બરના રોજ બગવદર પોલીસે સોઢાણા ગામે વધુ બે સ્થળોએ દરોડા પાડી કુલ ૧૩ જુગારીઓને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી રૂ.૨૫,૯૦૦ની રોકડ રકમ સહિત જુગારનું સાહિત્ય કબજે કર્યું





હતું. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ જાડેજા તથા પોરબંદર જિલ્લા પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાની સૂચનાના અનુસંધાને પોરબંદર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આર.એ. ઝાલાની દેખરેખમાં પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી બાતમીના આધારે સોઢાણા ગામે બે સ્થળે કાર્યવાહી કરવામાં આવી હતી.

બગવદર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફના માણસો બગવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ મા હતાં એ દરમ્યાન આશરે સાંજે ૪:૨૦ કલાકે સોઢાણા ગામની ખારા સીમ વિસ્તારમાં જાહેરમાં કેટલાક ઈસમો પૈસા-પાનાં વડે જુગાર રમતા હોવાની સંયુક્ત રાહે બાતમી મળતાં પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી કરશનરાજાભાઈ કારાવદરા (ઉ.વ.૫૦), આનંદ વેજાભાઈ કારાવદરા (ઉ.વ.૨૨), વિપુલ નિલેશભાઈ કારાવદરા (ઉ.વ.૨૫), નિર્મલ કરશનભાઈ કારાવદરા (ઉ.વ.૨૧) તથા કરશન હમીરભાઈ કારાવદરા (ઉ.વ.૫૧), તમામ રહે. સોઢાણા,ને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂ.૧૧,૨૫૦ રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

સોઢાણા ગામની ખારા સીમ વિસ્તારમાં પ્રથમ દરોડા બાદ પેટ્રોલિંગ દરમિયાન આશરે સાંજે ૫:૩૦ કલાકે સોઢાણા ગામના સ્મશાન પાછળ સોરઠી નદીના વેકરામાં જાહેરમાં પૈસા-પાનાં વડે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. પોલીસે સ્થળ પર પહોંચી દરોડો પાડતાં ભીમા સામત કારાવદરા (ઉ.વ.૩૨), ગીગા અરશીભાઈ કારાવદરા (ઉ.વ.૪૯), કેતન કેશુભાઈ રાણીંગા (ઉ.વ.૪૦), ભરત ભગવાનજીભાઈ કોટેચા (ઉ.વ.૬૨), કાના દેવશીભાઈ ઓડેદરા (ઉ.વ.૪૫), વેદ પરબતભાઈ કારાવદરા (ઉ.વ.૬૪), અરભમ નાગાભાઈ કારાવદરા (ઉ.વ.૬૫) તથા રામદે પરબત કારાવદરા (ઉ.વ.૫૦) સહિત કુલ ૮ ઈસમોને ઝડપી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી રૂ.૧૪,૬૫૦ રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

# માતાની પ્રેરણાથી દીકરી ડોક્ટર બની, હવે બંને એક જ હોસ્પિટલમાં ફરજ પર

નર્મદા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC)માં માતા-દીકરીની એવી પ્રેરણાદાયી જોડી જોવા મળી રહી છે, જે દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. માતા કુંતાબેન રાયસિંગભાઈ વસાવા છેલ્લા 20 વર્ષથી સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવી રહ્યા છે, જ્યારે તેમની દીકરી ડો. રિત્વિકાબેન વસાવા હવે એ જ CHCમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવી રહી છે.



કુંતાબેન વસાવાએ વર્ષોથી નર્સ તરીકે દર્દીઓની સેવા કરતાં-કરતાં પોતાની દીકરીને ડોક્ટર બનાવવાનું સપનું જોયું હતું. માતાની મહેનત અને પ્રેરણાથી ડો. રિત્વિકાબેને સખત મહેનત કરી MBBSની ડિગ્રી મેળવી. પ્રાથમિકથી માધ્યમિક શિક્ષણ સાપુતારાની એજ્યુકેશન માધ્યમ શાળામાં લીધા બાદ તેમણે અમદાવાદમાં MBBSનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ તેમને ડેડીયાપાડા CHCમાં જ મેડિકલ ઓફિસર તરીકે પોસ્ટિંગ મળતાં માતા સાથે સેવા કરવાનો અવસર મળ્યો.

CHCના એક જ વોર્ડમાં માતા દર્દીને ઈન્જેક્શન આપે અને બાજુમાં દીકરી એ જ દર્દીની તબીબી તપાસ કરે તે દ્રશ્ય દર્દીઓમાં પણ લાગણી જગાવે છે. ડો. રિત્વિકાબેન કહે છે કે, "બાળપણથી મેં મમ્મીને લોકોની સેવા કરતાં જોયાં છે. રાત-દિવસ તેઓ સેવા કરે છે, એ જ મારા માટે પ્રેરણા છે. આજે તેમની સાથે જ કામ કરવાનો મોકો મળ્યો એ મારા માટે સૌથી મોટી સિદ્ધિ છે."

ડો. રિત્વિકાબેનના પિતા રાયસિંગભાઈ હુનિયાભાઈ વસાવા પણ ડેડીયાપાડાની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે. આમ, સમગ્ર પરિવાર શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે લોકોની સેવા સાથે જોડાયેલો છે. ડેડીયાપાડા CHC ઉપરાંત તેમના વતન મુન્કાપાડા ગામ અને સમગ્ર પંથકમાં માતા-દીકરીની આ પ્રેરણાદાયી જોડીને અભિનંદન મળી રહ્યા છે.

# મહાદેવ મંદિરની દાનપેટી તોડનાર ચોર 24 કલાકમાં ઝડપાયો: CCTV ફૂટેજના આધારે શિનોર પોલીસનું ત્વરિત એક્શન

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના પુનિયાદ ગામે તારીખ 10 સપ્ટેમ્બર 2026 બપોરના 12 કલાકે કોઈ અજાણ્યો ઈસમ તારકેશ્વર મહાદેવ મંદિરમાં પ્રવેશી લોખંડના સળિયા થી દાન પેટીનો નકુચો તોડી આખા શ્રાવણ માસ દરમિયાન આવેલ અંદાજે રૂપિયા 30,000 ઉપરાંતની ચોરી કરી ગયો હતો, પરંતુ મંદિરમાં મુકાયેલા સીસીટીવી કેમેરામાં આ ચોર મંદિરમાં પ્રવેશતાં, દાનપેટી તોડતા અને ચોરી કરીને બહાર જતા દેખાઈ આવેલ હતો.

ચોરીની જાણ થતાં ગ્રામજનો દ્વારા સેગવા આઉટ પોસ્ટ પોલીસ ચોકી મુકામે જઈને શિનોર પોલીસને જાણ કરી હતી. પોલીસ દ્વારા તાત્કાલિક સીસીટીવી ફુટેજના આધારે તપાસ આરંભી અને માત્ર 24 કલાકમાં શિનોર તાલુકાના દરિયાપુરા ગામના રણજીત નટુભાઈ વસાવાને ઝડપી પાડી સેગવા આઉટ પોસ્ટ મુકામે લાવવામાં આવ્યો હતો.

પોલીસ દ્વારા પુનિયાદના ગ્રામજનોને બોલાવી ફરિયાદ નોંધાવવા જણાવતા, ગ્રામજનોએ જણાવ્યું કે મંદિરના નાણાં છે ,અને ભવિષ્યમાં કોર્ટ કચેરીના ધક્કા થાય, માટે ફરિયાદ કરવી નથી.

પરંતુ આને શિક્ષા કરશો, જેથી ભવિષ્યમાં ચોરી ની કરે, ચોર પાસેથી મળેલા આશરે રૂપિયા 5300 ગ્રામજનોને સોંપવામાં આવ્યા હતા.

શિનોર પોલીસે ભવિષ્યમાં ચોરી ના થાય તે માટે આરોપીની અટકાયત કરેલ છે, અને જામીન લેવડાવવા ની કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# દેવામાં ડૂબેલા વેપારીએ જ કરી ₹17 લાખની ચોરી, LCBએ ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલ્યો

ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના રાજપારડી નગરમાં ચાર રસ્તા પાસે આવેલી પીયૂષ જનરલ સ્ટોર્સમાંથી 17 લાખની રોકડ ચોરીના ગુનાનો ભરૂચ LCBએ ગણતરીના દિવસોમાં ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે બાતમીના આધારે શંકાસ્પદ આરોપીને ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન આરોપીએ ચોરી કર્યાની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે.

9 સપ્ટેમ્બરની વહેલી સવારે અજાણ્યો શખ્સ પીયૂષ જનરલ સ્ટોર્સનું શટર ખોલી અંદર પ્રવેશ્યો હતો અને 17 લાખ રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયો હતો.



પીયૂષ જનરલ સ્ટોર્સમાં બીડી, સિગારેટ અને પાન પડીકીનો જથ્થાબંધ વેપાર થતો હોવાથી મોટી રોકડ રકમ હોવાની આરોપીને જાણકારી હતી. ઘટનાને પગલે રાજપારડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા LCBએ તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં આરોપી વેલુગામ ખાતે 'એકતા પ્રોવિઝન સ્ટોર' નામની દુકાન ચલાવતો હોવાનું સામે આવ્યું હતું. ધંધો બરાબર ચાલતો ન હોવાથી તેના પર દેવું થઈ ગયું હતું અને ઈકો ગાડીના હપ્તા પણ બાકી હતા. દેવામાંથી બહાર આવવા માટે તેણે ચોરીનું કાવતરું ઘડ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. મહત્વની બાબત એ છે કે આરોપી છેલ્લા છ વર્ષથી પીયૂષ જનરલ સ્ટોરમાંથી પોતાની દુકાન માટે સામાન ખરીદતો હતો. આથી તેને દુકાન તેમજ સવારના સમયે રોકડ રકમ હોવાની જાણકારી હતી. ઓળખ છુપાવવા આરોપીએ વહેલી સવારે રેઈનકોટ પહેરી, હાથમાં મોજા અને મોં પર રૂમાલ બાંધી ચોરી કરી હતી. ચોરી બાદ તે વાલિયા, ઝઘડિયા અને રાજપારડી વિસ્તારમાં ફર્યો હતો. બાદમાં વાલિયાથી નવી બેગ ખરીદી ચોરીની રકમ જૂની બેગમાંથી તેમાં ખસેડી હતી. જૂની બેગ, રેઈનકોટ અને મોજા ધારોલી-પડવાણીયા રોડ પર બાવળની ઝાડીઓમાં ફેંકી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આરોપી પાસેથી 12,31,900 રોકડ, 20 હજારની મોટરસાઈકલ અને 3 હજારનો મોબાઈલ ફોન મળી કુલ 12,54,900નો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે રાજપારડી પોલીસને સોંપવામાં આવ્યો છે.

# સેગવા કેનાલ પાસે વાહન ચેકિંગના નામે તોડપાણીનો આરોપ: જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ સામે તપાસની માંગ

સાધલી, હસમુખ પટેલ




શિનોર તાલુકાના સેગવા મુકામે ચાર રસ્તાથી રંગ સેતુ પુલ ઉપર થી રાજપીપળા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાય છે. જેથી વાહનોની અવર જવર રહે છે. જિલ્લા ટ્રાફિક પોલીસે ફાયદો લઈને વાહનોને રોકી તોડપાણી કર્યાની બુમ ઉઠેલ છે. શિનોર તાલુકાના સેગવાથી બીથલી અને રંગસેતુ તરફ જતાં સેગવા પાસે નર્મદા કેનાલનું નાળુ આવે છે. તારીખ 8 સપ્ટેમ્બર 2026 ના રોજ આ નર્મદા કેનાલની પાસે વડોદરા જિલ્લા રૂરલ પોલીસ લખેલી જીપ ગાડી ઊભી હતી અને આવતી જતી ગાડીઓને ચેકિંગના બહાને રોકતા હતા અને પોલીસની ભાષામાં અધિકાર બહારની પણ વાતો કરતા હતા અને છેલ્લે મેમો આપવાની ધમકી આપતા હતા, પરંતુ મેમો આપતા નહોતા, જેના કારણે ના છૂટકે બહારના વાહન ચાલકોને હેરાનગતિમાં મુકાવું ના પડે તે માટે નાણાકીય તોડ પાણી કરાતી હતી. તેના સમાચારો ચમક્યા પછી હકીકત બહાર આવેલ છે શિનોર પોલીસ નહીં, પરંતુ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ થતી હતી. પરંતુ એક પણ ગાડી ડીટેઈન કરી નથી, કે વ્યવહાર કરનાર કોઈપણ ગાડીવાળાને મેમો આપવામાં આવેલ નથી. તારીખ 8 સપ્ટેમ્બર 2026 મંગળવારના રોજ સેગવાના આ પોઈન્ટ ઉપર જિલ્લા ટ્રાફિકની કઈ પોલીસ ટીમ અને સરકારી ગાડી હતી.

### બે અલગ અલગ રેડમાં 8 પકડાયા 4 ફરાર

# ઉપલેટા પંથકમાં ચાલતા જુગારના અખાડાઓ પર રાજકોટ રૂરલ LCBનો સપાટો

રાજકોટ

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ વડા વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) રાજકોટ ગ્રામ્યની ટીમે દારૂ-જુગારની પ્રવૃત્તિ નાબૂદ કરવાના અભિયાન અંતર્ગત બે અલગ-અલગ સફળ દરોડા પાડીને મોટી કાર્યવાહી કરી છે. એલ.સી.બી. શાખાના સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે આ બંને દરોડા પાડવામાં આવ્યા હતા.




પ્રથમ દરોડાની વિગત મુજબ, લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારના પ્રાંસલા ગામની સીમમાં રેડ પાડી હતી. અહીં આરોપી જીતેન્દ્રભાઈ અમરાભાઈ વિઝુડા પોતાની ઓરડી (મકાન) માં બહારથી માણસો બોલાવી, લાઈટ-પાણી અને જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી તીન પત્તીનો જુગાર રમાડી જુગારનો અખાડો ચલાવતો હતો. પોલીસે રેડ દરમિયાન કુલ રૂ. ૧,૫૧,૩૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં રૂ. ૮૧,૩૦૦/- રોકડા, રૂ. ૦૦/- ની કિંમતના ૫૨ ગંજી પનાના પાન અને રૂ. ૭૦,૦૦૦/- ની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન સામેલ છે. આ ગુનામાં પોલીસે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં જીતેન્દ્રભાઈ અમરાભાઈ વિઝુડા (રહે. વડેખન ગામ, તા. ઉપલેટા), સુભાષભાઈ કેશવભાઈ વારાંશકીયા (રહે. ગીંગણી ગામ, તા. જામજોધપુર), દેવાયતભાઈ ચનાભાઈ કરોતરા (રહે. ઢાંક ગામ, તા. ઉપલેટા), ભાવીન ઉર્ફે ભાયો આલાભાઈ બડ (રહે. ઢાંક ગામ, તા. ઉપલેટા), દેવશીભાઈ સુખાભાઈ ઓડેદરા (રહે. પાંસલા ગામ, તા. ઉપલેટા) અને કાંતીભાઈ મુળુભાઈ ભાદરકા (રહે. જેતપુર કૃષ્ણનગર વિસ્તાર, તા. જેતપુર) નો સમાવેશ થાય છે.

# દહેજમાં પગારના ઝઘડામાં મજૂરની હત્યા, આરોપીને આજીવન કેદ

ભરૂચ


વાગરા તાલુકાના દહેજમાં રૂચી પેટ્રોકાસ્ટ કંપનીની લેબર કોલોનીમાં પગારના મુદ્દે થયેલા ઝઘડામાં મજૂરની હત્યા કરવાના કેસમાં ભરૂચની સેશન્સ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપી લાલબહાદુર કાદીર ગૌતમને રૂ.50 હજારનો દંડ પણ ફટકાર્યો છે. આ બનાવ 10 મે, 2023ના રોજ દહેજ સ્થિત રૂચી પેટ્રોકાસ્ટ કંપનીની લેબર કોલોનીમાં બન્યો હતો. મજૂરો વચ્ચે પગારના મુદ્દે બોલાચાલી થતાં આરોપી લાલબહાદુર કાદીર ગૌતમે મજૂર અવધેશ દોબાલ ગૌતમના માથાના ભાગે લોખંડના સળિયા વડે છ ઘા માર્યા હતા. ગંભીર ઈજાઓના પગલે અવધેશનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ બનાવ અંગે દહેજ પોલીસ મથકે આરોપી વિરુદ્ધ IPCની કલમ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ મનોહરસિંહ જી. રાઠોડે 21 સાક્ષીઓની તપાસ કરી હતી.

### 3.50 કરોડનો મુદ્દામાલ ઝડપાયો

# ઓરસંગ નદીમાં ગેરકાયદે રેતી ખનન ઉપર વડોદરા ફ્લાઈંગ સ્ક્વોડ ત્રાટકી!!

છોટાઉદેપુર

છોટાઉદેપુરના દેવલીયા-તેજગઢ વચ્ચે ઓરસંગ નદીમાં ગેરકાયદે રેતી ખનન પર વડોદરા ખાણ અને ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં 3 હિટાચી મશીન અને 7 ટ્રક સહિત કુલ 3.50 કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. સ્થળ પર કોઈ માન્ય લીઝ ન હોવાથી ફ્લાઈંગ સ્ક્વોડે મશીનો અને વાહનો સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.



છોટા ઉદેપુર તાલુકાના દેવલીયા અને તેજગઢ વચ્ચે આવેલી ઓરસંગ નદીના પટમાં ચાલતા ગેરકાયદે રેતી ખનન પર વડોદરા ખાણ અને ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડે દરોડો પાડી મોટી કાર્યવાહી કરી છે. બાતમીના આધારે કરવામાં આવેલી આ કામગીરી દરમિયાન સ્થળ પરથી રેતી ભરવામાં ઉપયોગમાં લેવાતા 3 હિટાચી મશીન અને 7 ટ્રક સહિત અંદાજે 3.50 કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. વડોદરા ફ્લાઈંગ સ્ક્વોડના અધિકારી ડી.એન. પવાયાની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન ખનન સ્થળે કોઈ માન્ય લીઝ મંજૂર ન હોવાનું સામે આવ્યું હતું. નદીમાંથી ગેરકાયદે રીતે રેતી કાઢવામાં આવતી હોવાથી ફ્લાઈંગ સ્ક્વોડે મશીનો અને વાહનો સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખાણ-ખનિજ વિભાગ દ્વારા હાલ સ્થળ તપાસ અને માપણીની કામગીરી શરૂ કરવામાં આવી છે. નદીના પટમાંથી કેટલા પ્રમાણમાં રેતીનું ગેરકાયદે ખનન થયું છે અને તેના કારણે રાજ્ય સરકારને રોયલ્ટી પેટે કેટલી આવકનું નુકસાન થયું છે તેનો આંકડો આ માપણી બાદ સ્પષ્ટ થશે. છોટા ઉદેપુર જિલ્લામાંથી પસાર થતી ઓરસંગ નદીની રેતી તેની ઉત્કૃષ્ટ ગુણવત્તા માટે જાણીતી હોવાથી અવારનવાર ગેરકાયદે ખનનની ફરિયાદો ઊઠતી રહે છે.

### ગોંડલનો કુખ્યાત બુટલેગર લાલો ગોહિલ સુરતની એમ્બ્યુલન્સ સાથે ઝડપાયો

# અમૃત સમાન એમ્બ્યુલન્સમાં ઝેર સમાન દારૂ: રાજકોટ-ભાવનગર હાઈવે પર બાબરા પાસે ગ્રાન્ડ એન્ટ્રી મારી દારૂનું નેટવર્ક બકલનળી

રાજકોટ

જે વાહનનો ઉપયોગ માનવ જિંદગી બચાવવા માટે થાય છે, તે જ એમ્બ્યુલન્સ હવે દારૂની હેરાફેરીનું સુરક્ષિત સાધન બની ગઈ છે! રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઈવે પર બાબરા પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને સુરત પાસિંગની એમ્બ્યુલન્સમાંથી લાખો રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડીને સનસનાટી મચાવી દીધી છે. ખાખીના નાક નીચેથી એમ્બ્યુલન્સમાં દારૂ ઘૂસાડવાના આ કાળા કારનામામાં ગોંડલના કુખ્યાત બુટલેગર લાલો ગોહિલની સ્થળ પરથી જ ધરપકડ કરવામાં આવી છે.



બાબરા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે રાજકોટ-ભાવનગર હાઈવે પર તૈનાતી ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન સુરત તરફથી પુરપાટ ઝડપે આવી રહેલી એક એમ્બ્યુલન્સને અટકાવીને જ્યારે તલાશી લેવામાં આવી, ત્યારે પોલીસ અધિકારીઓ પણ ભોંઠા પડી ગયા હતા. દર્દીઓ અને સ્ટ્રેચરની જગ્યાએ એમ્બ્યુલન્સની અંદર વિદેશી દારૂની પેટીઓ અને ખોખાં ઠાંસી ઠાંસીને ભર્યા હતા.

પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ગોંડલના જાણીતા બુટલેગર લાલો ગોહિલને દારૂના જથ્થા અને સુરત પાસિંગની એમ્બ્યુલન્સ સાથે રફુચક્કર થાય તે પહેલાં જ ઝડપી લીધો હતો. હવે સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો? તેને કયા મોટા માફિયા કે નેટવર્ક સુધી પહોંચાડવાનો હતો? અને આ સુરતની એમ્બ્યુલન્સ ભાડે લેવાઈ હતી કે પછી કોઈ મોટા રિંગનો ભાગ છે? પોલીસ હાલ આ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ ચલાવી રહી છે.

# બોડેલીમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: અસહ્ય ગરમી અને બફારા બાદ ધોધમાર વરસાદથી ઠંડક પ્રસરી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા


છોટાઉદેપુર જિલ્લાના બોડેલી અને તેની આસપાસના વિસ્તારોમાં લાંબા સમયના અસહ્ય ઉકળાટ અને બફારા બાદ અંતે મેઘરાજાએ મહેર કરી છે. વહેલી સવારથી જ આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા અને જોતજોતામાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. વરસાદી માહોલ જામતાની સાથે જ સમગ્ર પંથકના વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ છે, જેનાથી સ્થાનિક પ્રજાને અસહ્ય ગરમીમાંથી મોટી રાહત મળી છે.



છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી લોકો ગરમી અને બફારાથી તોબા પોકારી ઉઠ્યા હતા. ખાસ કરીને બોડેલી પંથકમાં સવારથી જ વાતાવરણમાં ભારે અકળામણ અનુભવાઈ રહી હતી. પરંતુ આજે વહેલી સવારે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો.

આકાશમાં કાળાડિબાંગ વાદળોના ઘેરાવા સાથે વરસાદી માહોલ સર્જાયો હતો અને જોતજોતામાં મેઘરાજાએ પધરામણી કરી હતી. વરસાદ પડતાની સાથે જ માર્ગો પર પાણી વહેતા થયા હતા. લાંબા સમયની રાહ જોયા બાદ પડેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક ઘોળાઈ ગઈ છે અને લોકોએ ગરમીમાંથી મોટી રાહત અનુભવી છે.

આપ આપની સ્ક્રીન પર બોડેલીના લાઈવ દ્રશ્યો જોઈ રહ્યા છો, જ્યાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. વરસાદના આગમનથી માત્ર સામાન્ય જનજીવન જ નહીં, પરંતુ પંથકના ખેડૂતોમાં પણ ખુશીની લહેર દોડી ગઈ છે.



### શીલા કી જવાની ગીતને લઈને કોરિયોગ્રાફરનું નિવેદન ચર્ચામાં

# અભિનેત્રી કેટરિનાના ડાન્સને લઈને કોરિયોગ્રાફર બોસ્કોએ કર્યો ખુલાસો

મુંબઈ

એક્શન સિક્વન્સમાં દમદાર પંચ મારીને અલગ અંદાજ પીરસી ચૂકેલી કેટરિના કૈફ એક સમયે ડાન્સમાં ખૂબ જ નબળી હતી. અત્યારે એકથી એક ચડિયાતા ડાન્સ સ્ટેપ કરીને બેસ્ટ પર્ફોમ કરતી કેટરિનાએ દમદાર ડાન્સ કરીને ફેન્સને ચોંકાવી દીધા છે. એક સમય એવો હતો જ્યારે કેટરિનાને ડાન્સ બિલકુલ આવડતો ન હતો. બ્યૂટીની સાથે પોતાની એક્ટિંગથી પણ તે ફેન્સના દિલ જીતી લે છે. એના ડાન્સ મુવ્ઝ આજે પણ એક આઈકોનિક સ્ટેપ તરીકે ઓળખાય છે. પણ કેટરિના જ્યારે ઈન્ડસ્ટ્રીમાં આવી એ સમયે એટલી સારી ડાન્સર ન હતી. એ સમયે તેને ડાન્સમાં તુ ઝીરો છો અને ડાન્સ બિલકુલ ન કરવા માટેની વણમાગી સલાહ આપી દીધી હતી.

કેટરિના અંગે કર્યો મોટો ખુલાસો હાલમાં કોર્યોગ્રાફર બોસ્કોએ પોતાની વાતમાં કેટરિના અંગે ખુલાસો કરતા કહ્યું હતું કે, 'શીલા કી જવાની' ગીત કેટકિનાના કરિયર માટે ગેમ ચેન્જર સાબિત થયું છે. આ વાત પર સહમતી વ્યક્ત કરતા ફરાહ ખાને કહ્યું કે, એ સમયે કોઈને ખ્યાલ ન હતો કે, કેટરિના ખરેખર ખૂબ સારો ડાન્સ કરી શકે એમ છે. બોસ્કોએ ઉમેર્યું કે, ડાન્સ શીખવા માટે કેટરિનાએ પણ ખરેખર ખૂબ જ મહેનત કરી છે. પોતાના દરેક સ્ટેપ પર ખૂબ જ બારિકીથી કામ કર્યું છે. બોસ્કોએ જ એને કહી દીધું હતું કે, એમનાથી ડાન્સ નહીં થાય અને ડાન્સ કરવાનું છોડી દેવું જોઈએ. આ વાત કેટરિનાના મનમાં ચોંટી ગઈ હતી પછી તેણે પોતાના પર કામ કરવાનું ચાલું કર્યં અને ડાન્સ શીખવાનું ચાલું કર્યું હતું. ફરાહ ખાને કહ્યું કે, કેટરિના ડાન્સમાં ઝીરો તો બિલકુલ નહીં હોય પણ તે 4 કે 5માં ક્રમની ડાન્સર તરીકે રહી હશે. પણ 'શીલા કી જવાની' ગીત આવ્યા બાદ એનું સ્ટેટસ મોટું થયું અને આઈકોનિક બની ગઈ. 'ચિકની ચમેલી' અને 'કાલા ચશ્મા' જેવા ગીતમાં દમદાર સ્ટેપ આપીને કેટરિનાએ ડાન્સમાં પણ સારી એવી ગ્રીપ મેળવી લીધી છે. 'શીલા કી જવાની' ગીત ખૂબ ઓછા બજેટમાં પુરૂ થઈ ગયું હતું. આ માટે કેટરિના અને માત્ર દસ જ બેગ્રાઉન્ડ ડાન્સર રહ્યા હતા. વર્ષ 2010માં આવેલી ફિલ્મ 'તીસ માર ખા'નું આ ગીત સૌથી વધારે વાયરલ એ સમયે થયું હતું. પોપ્યુલર પણ થયું હતું. આ ગીત સુનિધી ચૌહાણે ગાયુ હતુ જ્યારે મ્યુઝિક વિશાલ એન્ડ શેખરે આપ્યું હતું.

> **બોસ્કોએ જ એને કહી દીધું હતું કે, એમનાથી ડાન્સ નહીં થાય અને ડાન્સ કરવાનું છોડી દેવું જોઈએ.**

# શ્રિયા સરનનો વ્હાઈટ ડ્રેસમાં ગ્લેમરસ અવતાર

## શ્રેયાનો આ લુક તેની આગામી ફિલ્મ 'દ્રશ્યમ 3'ના ટ્રેલર લોન્ચ કાર્યક્રમનો છે



મુંબઈ

મુંબઈ: 'દ્રશ્યમ' અને 'આવારપન' ફેઈન શ્રિયા સરને મસ્ત ફોટોશુટ કરાવ્યું છે. ફેસથી ક્યૂટ અને સ્માઈલથી ફેન્સને ઈમ્પ્રેસ કરી દેતી એક્ટ્રેસે 'દ્રશ્યમ'માં બેસ્ટ એકિંટગ કરી છે. નવા ફોટોશુટમાં તેનો ગ્લેમર અંદાજ જોવા મળી રહ્યો છે. દક્ષિણ ભારતીય અને બોલિવૂડ ફિલ્મોમાં પોતાની અભિનય ક્ષમતા દ્વારા આગવી ઓળખ બનાવનાર અભિનેત્રી શ્રેયા સરન સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. તે અવારનવાર પોતાના ચાહકો સાથે સુંદર તસવીરો શેર કરતી રહે છે. તા.10 સપ્ટેમ્બર 2026 ના રોજ તેણે ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો પોસ્ટ કરી, જેમાં તેનો આકર્ષક અને ગ્લેમરસ અંદાજ જોવા મળે છે. આ તસવીરોમાં શ્રિયા સરન સ્ટાઈલિશ સફેદ ડ્રેસ પહેરેલી જોવા મળે છે. આ ડ્રેસમાં ડીપ નેકલાઈન અને સુંદર ડ્રેપ ડિટેલિંગ છે, જ્યારે નેકલાઈન પર કરવામાં આવેલું સિલ્વર અને મોતીનું કામ તેમાં એક વિશેષ આકર્ષણ ઉમેરે છે. આ આઉટફિટમાં અભિનેત્રી ખૂબ જ ક્લાસી લાગે છે. ઓર્નામેન્ટની વાત કરીએ તો, શ્રિયાએ સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ, બ્રેસલેટ અને વીંટીઓ સાથે તેનો લુક પૂર્ણ કર્યો છે. તેણે તેના વાળને સહેજ 'મેસી અપડો' (થોડા અસ્તવ્યસ્ત અંદાજમાં ઉપર બાંધેલા વાળ) સ્ટાઈલમાં બાંધ્યા છે, જેમાં છૂટી પડેલી વાળની કેટલીક લટો તેના ચહેરાની આસપાસ રહીને તેના લુકને વધુ આકર્ષક બનાવે છે. એક તસવીરમાં શ્રિયા ખીલખિલાટ હસતી જોવા મળે છે. કેટલાક ફોટામાં અભિનેત્રી ઊભા રહીને પોઝ આપતી જોવા મળે છે. તસવીરોમાં આત્મવિશ્વાસપૂર્ણ અને સ્ટાઈલિશ લાગે છે. શ્રેયાનો આ લુક તેની આગામી ફિલ્મ 'દ્રશ્યમ 3'ના ટ્રેલર લોન્ચ કાર્યક્રમનો છે.

# ગીત હાનિયા આમિરનું, પરંતુ લાઇમલાઇટ લઈ ગઈ રાખી

## પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરે પોતાની અભિનય કારકિર્દીની સાથે હવે સંગીતની દુનિયામાં પણ એન્ટ્રી કરી લીધી

મુંબઈ

પોતાના બેબાક અંદાજ અને વિવાદીત નિવેદનોને કારણે જાણીતી એક્ટ્રેસ રાખી સાવંત ફરી એકવાર ચર્ચામાં છે. રાખીએની દબંગ છાપના ડંકા છેક પાડોશી દેશ પાકિસ્તાન સુધી પડઘાયા છે. પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરે પોતાની અભિનય કારકિર્દીની સાથે હવે સંગીતની દુનિયામાં પણ એન્ટ્રી કરી લીધી છે. હાનિયાએ તેનું પ્રથમ ગીત 'પાબ્લો' (Pablo) રિલીઝ કર્યું છે, જેમાં તેણે રેપ ફોર્મેટમાં પોતાનો કંઠ આપ્યો છે, જોકે આ ગીત રિલીઝ થયા બાદ ચર્ચાનું કેન્દ્ર હાનિયાને બદલે બોલિવૂડ અભિનેત્રી રાખી સાવંત બની ગઈ છે. આ પણ એક મોટો વિરોધાભાસ ફેન્સ નોટિસ કરી રહ્યા છે. આ ગીતના અંતે રાખીની હાજરીએ આ રિલીઝને સરહદ પારના એક અનોખા સહયોગમાં ફેરવી દીધું છે. એવી ચર્ચા છે કે, રાખી સાવંતે હાનિયાના રેપ ડેબ્યૂની તમામ લાઈમલાઈટ પોતાની તરફ ખેંચી લીધી છે; ચાહકો અભિનેત્રી પર પ્રશંસાનો વરસાદ કરી રહ્યા છે અને ઘણા લોકો તો રાખીને હવે 'લોર્ડ રાખી' તરીકે સંબોધી રહ્યા છે. આમ રાખીએ બીજાના ગીત પર પોતાની પાઈયોનીયર છાપ ઊભી કરી દીધી છે. 'પાબ્લો' (Pablo) ગુરુવાર, તા.10 સપ્ટેમ્બરના રોજ રિલીઝ થયું હતું. આ ગીત સાથે હાનિયા આમિરે રેપર તરીકે ડેબ્યૂ કર્યું છે. ખાસ વાત એ છે કે, માત્ર આ ગીતને પોતાનો અવાજ જ નથી આપ્યો, પરંતુ તેના ગીતના શબ્દો લખવામાં અને સંગીત તૈયાર કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. મ્યુઝિક વીડિયોમાં હાનિયા ગીતની રીધમ સાથે પર્ફોર્મ કરી રહી હતી અને પોતાની નવી શૈલીથી ચાહકોને મંત્રમુગ્ધ કરી રહી છે. આ ગીતની શરૂઆતમાં અને મોટા ભાગના હિસ્સામાં હાનિયા છવાયેલી ગઈ છે, જ્યારે અંતિમ ભાગમાં રાખી સાવંતનો અવાજ સંભળાય છે, આ સાંભળીને ફેન્સ ચોંકી ગયા હતા. વીડિયોમાં પણ જોવા મળે છે. આ ચોક્કસ હિસ્સો જ સોશિયલ મીડિયા પર ચર્ચાનો મુખ્ય વિષય બની ગયો છે.





# મરાઠી વિવાદ વચ્ચે હવે સંજય દત્તે આપ્યું નવું નિવેદન

## સંજય દત્તે દિવંગત શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેની યાદને પણ તાજી કરી વાગોળી હતી

મુંબઈ

બોલિવૂડ અભિનેતા સંજય દત્તના મરાઠી ભાષાને લઈને કરેલા નિવેદન બાદ શરૂ થયેલા વિવાદ વચ્ચે તેમણે હવે તેમણે ફેરવી તોળ્યું છે. સંજય દત્તે મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકને ફોન કરીને પોતાના નિવેદન અંગે ખુલાસો કર્યો હતો અને તેમનું નિવેદન મજાકના સ્વરૂપમાં હતું તેમ જણાવ્યું હતું. સાથે જ તેમના નિવેદનથી કોઈને ખોટો સંદેશ ગયો હોય તો તેમણે દિલગીર છે. થાણેમાં સંસ્કૃતિ યુવા પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત દહીંહાંડી કાર્યક્રમમાં સંજય દત્ત ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન પ્રતાપ સરનાઈકે તેમને મરાઠીમાં બોલવાની વિનંતી કરી હતી. તેના જવાબમાં સંજય દત્તે મજાકિયા અંદાજમાં જણાવ્યું હતું કે તેઓ છ વર્ષ યરવડા જેલમાં રહ્યા હોવા છતાં મરાઠી શીખી શક્યા નથી. તેમના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ચર્ચા અને ટીકાઓ શરૂ થઈ હતી.

વિવાદ વધ્યા બાદ સંજય દત્તે પ્રતાપ સરનાઈક સાથે ફોન પર વાત કરી હતી. તેમણે વાતની શરૂઆત 'પ્રતાપ ભાઈ, જય મહારાષ્ટ્ર' કહીને કરી હતી અને પોતાનું અગાઉનું નિવેદન માત્ર મજાકના સ્વરૂપમાં હતું તેમ સ્પષ્ટ કર્યું હતું. સંજય દત્તે જણાવ્યું હતું કે મને સારી મરાઠી આવડે છે અને મારા નિવેદનથી કોઈ ખોટો સંદેશ ગયો હોય તો દિલગીર છે.

સંજય દત્તે પોતાના મહારાષ્ટ્ર સાથેના સંબંધનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તેમનો પરિવાર મુંબઈનો છે અને તેઓ આ જ અહીં જ ઉછર્યા છે. મહારાષ્ટ્રે તેમને ઘણું આપ્યું હોવાનું જણાવી તેમણે રાજ્ય અને તેની સંસ્કૃતિ પ્રત્યે પોતાનું જોડાણ વ્યક્ત કર્યું હતું. આપને જણાવવાનું કે આ સમગ્ર વિવાદની શરૂઆત થાણેના દહીંહાંડી કાર્યક્રમમાં થઈ હતી. આ કાર્યક્રમમાં સંજય દત્ત ઉપરાંત સુનીલ શેટ્ટી, ક્રિકેટર સૂર્યકુમાર યાદવ સહિત અનેક કલાકારો અને રાજકીય નેતાઓ હાજર રહ્યા હતા.

# યશની 'Toxic'ને મોટો ઝટકો! એક અઠવાડિયામાં જ થિયેટરમાંથી બહાર થતા મેકર્સ નિરાશ

મુંબઈ

મુંબઈ: સાઉથના સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' ખરાબ રીતે પીટાઈ ગઈ છે. ત્રણ-ત્રણ વાર રિલીઝ ડેટમાં ફેરફાર કરવા છતાં પણ ફિલ્મને જોઈએ એવો કોઈ પ્રતિસાદ મળ્યો નથી. લોહીના ફુવારા ઉડતા હોય એવા સીન અને ક્રુરતાની હદ પાર કરતા વિઝ્યુઅલ્સથી મેકર્સને એવું હતું કે, છવાઈ જઈશું પણ પ્રોડક્શન કોસ્ટ પણ માથે પડી રહી હોય એવું ચિત્ર છે. હવે વાવડ એવા મળી રહ્યા છે કે, આ ફિલ્મની અંગ્રેજી એડિશન સિનેમાઘરમાંથી વિદાય લઈ ચૂકી છે. એક અઠવાડિયાના સમયમાં ફિલ્મે માત્ર 3.16 લાખનું જ ક્લેક્શન કર્યું છે. 'ટોક્સિક' ખરાબ રીતે પીટાઈ જતા મેકર્સને પણ ફટકો પડ્યો છે. મેકર્સ માટે ફિલ્મ આર્થિક રીતે પણ 'ટોક્સિક' સાબિત થઈ છે. બોક્સ ઓફિસ પર ફિલ્મ ખાસ કોઈ રીતે પર્ફોમ કરી શકી નથી.

તા.4 સપ્ટેમ્બરના રોજ 'ટોક્સિક' ફિલ્મનું અંગ્રેજી વર્ઝન રિલીઝ થયું હતું. પણ તે કન્નડ પ્રિન્ટ કરતા 17 મિનિટ ઓછો રન ટાઈમ ધરાવે છે. માત્ર અઠવાડિયાના સમયમાં આ ફિલ્મ સિનેમાઘરમાંથી ઊતરી ચૂકી છે. ફિલ્મના અંગ્રેજી વર્ઝનને ખાસ કોઈ પ્રતિસાદ પણ મળ્યો નથી. રિલીઝ થઈ એ સમયે માત્ર 11 શૉના માધ્યમથી માત્ર 3.16 લાખનું જ ક્લેક્શ થયું છે. આ શૉ, દિલ્હી, મુંબઈ, બેંગ્લુરૂ અને ગુરૂગ્રામમાં થયા હતા. શનિવારે ફિલ્મે 78,774 નું અને રવિવારે ફિલ્મે 70,460 નું ક્લેક્શન કર્યું છે. વીકએન્ડ હોવા છતા ફિલ્મે ખાસ કોઈ કમાણી કરી નહીં. સોમવારે 'ટોક્સિક' (Toxic) ના અંગ્રેજી પ્રિન્ટની કમાણીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. માત્ર 15,034ની કમાણી કરી. ત્યારબાદ, મંગળવારે 3,125, બુધવારે 5,699 અને ગુરુવારે 4,655ની કમાણી નોંધાઈ હતી. આમ, પ્રથમ સપ્તાહ દરમિયાન ફિલ્મની કુલ કમાણી માત્ર 3.16 લાખ રહી હતી. હાલમાં, થિયેટરોમાંથી અંગ્રેજી પ્રિન્ટને હટાવવા અંગે નિર્માતાઓ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.



### પાકિસ્તાનને 4 વિકેટે હરાવ્યું; રવિવારે ભારત સામે થશે ખિતાબી મુકાબલો

# શ્રીલંકા સતત બીજી વાર વુમન્સ એશિયા કપની ફાઇનલમાં

મુંબઇ

શ્રીલંકાએ સતત બીજી વખત મહિલા એશિયા કપની ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. શુક્રવારે દુબઈમાં રમાયેલી બીજી સેમિફાઈનલમાં ટીમે પાકિસ્તાનને 4 વિકેટે હરાવ્યું. દુબઈમાં પાકિસ્તાનના 130/5ના જવાબમાં શ્રીલંકાએ 18.4 ઓવરમાં 6 વિકેટે 134 રન બનાવીને જીત નોંધાવી. હવે રવિવારે ફાઈનલમાં તેનો મુકાબલો ભારતીય વુમન્સ ટીમ સામે થશે. પાકિસ્તાનની કેપ્ટન મેદાન પર રડી પડી પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાએ બેટ અને બોલ બંનેથી શાનદાર પ્રદર્શન કર્યું. તેણે 36 બોલમાં 47 રન બનાવ્યા અને બોલિંગમાં 38 રન આપીને 4 વિકેટ લીધી. તે પ્લેયર



ઓફ ધ મેચ પણ રહી. જોકે, તેનું આ પ્રદર્શન પાકિસ્તાનને જીત અપાવવા માટે પૂરતું ન હતું. હાર બાદ ફાતિમા મેદાન પર જ ભાવુક થઈને રડી પડી. 33 રન પર 4 વિકેટ ગુમાવીને શ્રીલંકા મુશ્કેલીમાં હતું 131 રનના લક્ષ્યનો પીછો કરતા શ્રીલંકાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. ફાતિમા સનાએ પોતાની પહેલા જ સ્પેલમાં કેપ્ટન ચમારી અથાપત્તુ (1) અને વિશમી ગુણરત્ને (0)ને આઉટ કરી દીધા. 10મી ઓવર સુધીમાં શ્રીલંકાએ 33 રનમાં 4 વિકેટ ગુમાવી દીધી હતી. પાકિસ્તાનની બોલિંગ સામે રન બનાવવા મુશ્કેલ બની રહ્યા હતા અને શ્રીલંકા પર દબાણ વધી રહ્યું હતું. હર્ષિતા-કવિશાની 67 રનની ભાગીદારીએ મેચ પલટી આવા સમયે, હર્ષિતા સમરવિક્રમા અને કવિશા દિલહારીએ પાંચમી વિકેટ માટે 59 બોલમાં 67 રન જોડીને ઈનિંગ્સ સંભાળી. હર્ષિતાએ 31 બોલમાં 36 રન બનાવ્યા, જ્યારે કવિશાએ 33 બોલમાં 33 રનનું યોગદાન આપ્યું. બંનેએ ઝડપથી રન બનાવવાને બદલે વિકેટો બચાવી અને ખરાબ બોલને બાઉન્ડ્રી સુધી પહોંચાડ્યા. આનાથી શ્રીલંકાની રન ગતિ જળવાઈ રહી અને પાકિસ્તાન પર દબાણ પાછું ફરવા લાગ્યું. ફાતિમાએ ફરી એકવાર પાકિસ્તાનને મેચમાં પાછું લાવી દીધું.

## ઝ્વેરેવ અને શેલ્ટન યુએસ ઓપન ફાઇનલમાં ટકરાશે

વોશિંગ્ટન

યુએસ ઓપનના મેન્સ સિંગલ્સ ફાઈનલમાં જર્મનીના વર્લ્ડ નંબર-1 એલેક્ઝાન્ડર ઝ્વેરેવ અને અમેરિકાના બેન શેલ્ટન આમને-સામને થશે. શુક્રવારે રમાયેલી સેમિફાઈનલમાં ઝ્વેરેવે રશિયાના કારેન ખાચાનોવને 6-3, 7-6, 7-6થી હરાવ્યો, જ્યારે શેલ્ટને તેના જ દેશના ફ્રાન્સિસ ટિયાફોને 4-6, 6-3, 6-3, 7-5થી હરાવ્યો. ખિતાબી મુકાબલો રવિવારે ન્યૂયોર્કના આર્થર એશ સ્ટેડિયમમાં રમાશે. ઝ્વેરેવ આ વર્ષે ફ્રેન્ચ ઓપન જીતી ચૂક્યા છે ઝ્વેરેવે આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં પોતાનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો હતો અને ત્યારબાદ વિમ્બલ્ડનની ફાઈનલમાં પહોંચ્યા હતા, જ્યાં તેમને જાનિક સિનર સામે હાર મળી હતી. હવે તેમની પાસે આ વર્ષે બીજી મોટી ટ્રોફી જીતવાની તક છે. આ તેમના કારકિર્દીની છઠ્ઠી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ હશે. ખાચાનોવ બીજા સેટમાં 0-2થી પાછળ રહ્યા પછી ઝ્વેરેવે વાપસી કરી. આ પછી સેટ ટાઈબ્રેકર સુધી પહોંચ્યો. અહીં ખાચાનોવે ઝ્વેરેવના બે સેટ પોઈન્ટ બચાવ્યા, પરંતુ ઝ્વેરેવે દબાણ જાળવી રાખ્યું અને સેટ 7-6થી પોતાના નામે કરી લીધો. ત્રીજા સેટમાં પણ ખાચાનોવે ટાઈબ્રેકરમાં 3-0 અને પછી 5-2ની લીડ બનાવી. એક સમયે લાગ્યું કે મુકાબલો ચોથા સેટમાં જઈ શકે છે,

### બે એથ્લેટ શાહનવાઝ-નિત્યા પણ નહીં જાય

## વેઈટલિફ્ટર ઋષિકાંત સિંહ એશિયન ગેમ્સમાંથી બહાર

નવી દિલ્હી

એશિયન ગેમ્સ પહેલાં ભારતીય દળમાં ફેરફાર થયો છે. ઈજાના કારણે વેઈટલિફ્ટર ઋષિકાંત સિંહ બહાર થઈ ગયા છે. જ્યારે, એથ્લેટિક્સના શાહનવાઝ ખાન અને નિત્યા ગંધેને પણ ટીમમાંથી હટાવી દેવામાં આવ્યા છે. ઋષિકાંતના હટવાથી વેઈટલિફ્ટિંગમાં ભારતનો પુરુષ પડકાર સમાપ્ત થઈ ગયો છે, જ્યારે એથ્લેટિક્સ ટીમ હવે 74 ખેલાડીઓની રહી ગઈ છે. ઋષિકાંતે કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ ઋષિકાંત સિંહ ઘૂંટણની ઈજાના કારણે એશિયન ગેમ્સમાં નહીં રમે. 60 કિગ્રા વર્ગના 21 વર્ષીય ઋષિકાંતને એક મહિનાના રિહેબની સલાહ આપવામાં આવી



છે. તેમને જુલાઈમાં ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના એક અઠવાડિયા પહેલાં ઘૂંટણમાં ઈજા થઈ હતી. આમ છતાં તેમણે સ્પર્ધામાં ભાગ લીધો અને સિલ્વર મેડલ જીત્યો હતો. આશા હતી કે તેઓ એશિયન ગેમ્સ સુધીમાં ફિટ થઈ જશે, પરંતુ મેડિકલ અસેસમેન્ટ પછી તેમને રિહેબની સલાહ આપવામાં આવી. ઋષિકાંતના બહાર થયા પછી ભારતીય વેઈટલિફ્ટિંગ ટીમમાં માત્ર ચાર મહિલા ખેલાડીઓ રહી ગઈ છે. તેમાં ટોક્યો ઓલિમ્પિકની સિલ્વર મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ (49 કિગ્રા), જ્ઞાનેશ્વરી યાદવ (53 કિગ્રા), નિરુપમા દેવી (61 કિગ્રા) અને હરજિંદર કૌર (69 કિગ્રા)નો સમાવેશ થાય છે. 18 વર્ષીય લોંગ જમ્પર શાહનવાઝ ખાન પણ એશિયન ગેમ્સ ટીમમાંથી બહાર થઈ ગયા છે. જૂનમાં નેશનલ ઈન્ટર-સ્ટેટ ચેમ્પિયનશિપમાં 8.30 મીટરની છલાંગ લગાવનાર શાહનવાઝને ઈજાની સમસ્યા હતી.

# વસીમ અકરમે વૈભવ સૂર્યવંશીના વખાણ કર્યા

### આવી પ્રતિભાથી જ પાકિસ્તાન ક્રિકેટ સુધરશે; PSL પર સવાલો ઉઠાવ્યા

નવી દિલ્હી

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર વસીમ અકરમે વૈભવ સૂર્યવંશીની બેટિંગ પ્રતિભાના વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે પાકિસ્તાને પણ સૂર્યવંશી જેવી પ્રતિભા તૈયાર કરવી પડશે, તો જ ક્રિકેટમાં સુધારો થશે. અકરમે આ જ સરખામણી દ્વારા PSL પર સવાલ ઉઠાવતા કહ્યું કે 10 વર્ષમાં લીગમાંથી કોઈ મોટી બેટિંગ ટેલેન્ટ સામે આવી નથી. અકરમે PSL પર સવાલો ઉઠાવ્યા અકરમ IPL અને PSL, બંને સાથે જોડાયેલા રહ્યા છે. તેમણે PSLમાં બેટિંગ પ્રતિભાઓની અછત પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, PSL શરૂ થયાને 10 વર્ષ થઈ ગયા છે,





પરંતુ શું PSLએ એક પણ બેટર તૈયાર કર્યો છે? અમે કેટલાક બોલરો જરૂર આપ્યા છે. પરંતુ શું અમે કોઈ મોટી બેટિંગ પ્રતિભા તૈયાર કરી છે?" તેમણે આગળ કહ્યું કે, જ્યારે આપણે 14 વર્ષના ખેલાડી જેવી બેટિંગ પ્રતિભા તૈયાર કરીશું, ત્યારે આપણને સુધારો જોવા મળશે. જોકે, આ નિવેદનમાં અકરમે સૂર્યવંશીની ઉંમર 14 વર્ષ જણાવી, જ્યારે તેમની ઉંમર 15 વર્ષ છે. અકરમે આ વાત યુટ્યુબર ફરકાન ભટ્ટીને આપેલા ઈન્ટરવ્યુમાં કહી. IPLમાં સાત વર્ષ KKRના કોચ રહ્યા અકરમ 2010થી 2017 સુધી કોલકાતા નાઈટ રાઈડર્સના બોલિંગ કોચ અને મેન્ટર રહ્યા હતા. આ સમયગાળા દરમિયાન KKRએ IPLના બે ખિતાબ જીત્યા હતા. PSLમાં પણ તેઓ ઈસ્લામાબાદ યુનાઈટેડ, મુલ્તાન સુલ્તાન્સ અને કરાચી કિંગ્સ સાથે કોચ અને મેન્ટરની ભૂમિકા ભજવી ચૂક્યા છે. અકરમે પાકિસ્તાનમાં પ્રતિભાઓને તૈયાર કરવા માટે ક્લબ ક્રિકેટને મજબૂત કરવાની જરૂરિયાત જણાવી. તેમણે કહ્યું કે સાચી પ્રતિભાઓ ક્લબ ક્રિકેટમાંથી બહાર આવે છે અને તેનાથી PSLની પ્રતિભા તૈયાર કરવાની વ્યવસ્થા પણ સુધરશે. તેમણે કહ્યું, જો આપણે ટેસ્ટ ક્રિકેટમાં સુધારો કરવો હોય, તો ક્લબ ક્રિકેટને ફરીથી શરૂ કરવું પડશે. PCBએ કરાચી અને લાહોરમાં 100-100 કરોડ પાકિસ્તાની રૂપિયા ખર્ચ કરવા જોઈએ, કારણ કે પ્રતિભા ક્લબ ક્રિકેટમાંથી આવે છે.

## બિઝનેસ

### ચાંદી ₹6,536 ઘટીને ₹2.29 લાખ પ્રતિ કિલો પર આવી

# આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો રહ્યો

મુંબઇ

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે ઘટાડો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,946 રૂપિયા ઘટીને 1.52 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 3 સપ્ટેમ્બરે 1.55 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.35 લાખ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને 2.29 લાખ રૂપિયા પર આવી ગઈ છે. એટલે કે તેની કિંમત 6,536 રૂપિયા ઓછી થઈ. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 19 હજાર રૂપિયા



મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે લગભગ 2.29 લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ પણ બનાવી હતી. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો.

### પ્રતિ ઇક્વિટી શેર માટે રૂ.1,700–1,785ની પ્રાઇસ બેન્ડ નક્કી કરાઇ

# નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડનો IPO 17 સપ્ટેમ્બરે ખૂલશે

મુંબઇ

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડે તેના પ્રારંભિક જાહેર ભરણું (IPO) માટે રૂ. 1ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ રૂ. 1,700 થી રૂ. 1,785ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીનો પ્રારંભિક જાહેર ભરણું ("IPO" અથવા "ઓફર") સબ્સ્ક્રિપ્શન માટે 17 સપ્ટેમ્બર 2026ના રોજ ખુલશે અને 21 સપ્ટેમ્બર 2026ના રોજ બંધ થશે. રોકાણકારો ન્યૂનતમ 8 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 8 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકે છે.

હાલમાં રૂ. 1 ની મૂળ કિંમત ધરાવતા 2,475,000,000 ઈક્વિટી શૅર અસ્તિત્વમાં છે. રૂ. 1 ની ફેસ વેલ્યુ ધરાવતો આ IPO એ




કોર્પોરેટ વેચાણકર્તા શેરધારકો દ્વારા 126,436,650 સુધીના ઈક્વિટી શૅરના વેચાણની ઓફર (ઓફર-ફોર-સેલ) છે. આ શેરધારકોમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ, અરાન્ડા ઈન્વેસ્ટમેન્ટ્સ (મોરેશિયસ) પ્રા. લિ., એમએસ સ્ટ્રેટેજિક (મોરેશિયસ) લિ., ધ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિ., એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ (SS), બેંક ઓફ બરોડા, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, જનરલ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનો સમાવેશ થાય છે. આ ઈશ્યૂ SEBI ICDR નિયમોને અનુરૂપ 'બુક-બિલ્ડિંગ' પ્રક્રિયા દ્વારા લાવવામાં આવી રહ્યો છે, જેમાં ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIBs) માટે મહત્તમ 50%, નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (NIIs) માટે ઓછામાં ઓછા 15% અને રિટેલ ઈન્ડિવિજ્યુઅલ ઈન્વેસ્ટર્સ (RIIs) માટે ઓછામાં ઓછા 35% હિસ્સો અનામત રાખવામાં આવ્યો છે.

### પ્રતિ ઇક્વિટી શેર માટે રૂ.79–84ની પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવી

# હીરો મોટર્સ લિમિટેડનો IPO 16 સપ્ટેમ્બરના રોજ ખૂલશે

### રોકાણકારો ઓછામાં ઓછા 178 ઇક્વિટી શૅર અને ત્યારબાદ 178 ઇક્વિટી શૅરના ગુણાંકમાં બિડ (બોલી) લગાવી શકે છે

નવી દિલ્હી

હીરો મોટર્સ લિમિટેડે તેનું પ્રથમ પ્રારંભિક જાહેર ભરણું (IPO) માટે રૂ. 10ની મૂળ કિંમત (અંકિત મૂલ્ય) ધરાવતા પ્રતિ ઈક્વિટી શેર દીઠ રૂ. 79 થી રૂ. 84ની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. કંપનીનું પ્રારંભિક જાહેર ભરણું (IPO અથવા 'ઓફર') સબ્સ્ક્રિપ્શન માટે બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026ના રોજ ખૂલશે અને શુક્રવાર, 18 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા 178 ઈક્વિટી શૅર અને ત્યારબાદ 178 ઈક્વિટી શૅરના ગુણાંકમાં બિડ (બોલી) લગાવી શકે છે. આ IPOમાં રૂ. 600 કરોડ સુધીના નવા શૅર (ફ્રેશ ઈશ્યૂ) અને પ્રમોટર્સ - ઓ.પી. મુંજાલ હોલ્ડિંગ્સ અને હીરો સાયકલ્સ લિમિટેડ દ્વારા રૂ. 400 કરોડ



સુધીના ઈક્વિટી શૅરના વેચાણની ઓફર (ઓફર-ફોર-સેલ)નો સમાવેશ થાય છે. નવા શૅરના ઈશ્યૂમાંથી મળનારી રકમ પૈકી રૂ. 190 કરોડનો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલી અમુક બાકી લોનની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી/પ્રી-પેમેન્ટ/રિડેમ્પશન માટે કરવામાં આવશે. તેમજ રૂ. 200 કરોડનો ઉપયોગ ગૌતમ બુદ્ધ નગર (ઉત્તર પ્રદેશ) સ્થિત સુવિધાની ક્ષમતાના વિસ્તરણ માટે જરૂરી સાધનોની ખરીદી દ્વારા મૂડી ખર્ચ (કેપિટલ એક્સપેન્ડિચર) કરવા, અજાણ્યા અધિગ્રહણો (acquisitions) અને અન્ય વ્યૂહાત્મક પહેલો દ્વારા અકાર્બનિક વૃદ્ધિ (inorganic growth) માટે ભંડોળ પૂરું પાડવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. આ કંપની ભારતની અગ્રણી ઓટોમોટિવ ટેક્નોલોજી કંપનીઓમાંની એક છે, જે યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, ભારત અને ASEAN ક્ષેત્રમાં ઓટોમોટિવ ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEMs) માટે અત્યંત એન્જિનિયર્ડ પાવરટ્રેન સોલ્યુશન્સની ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને પુરવઠાના વ્યવસાયમાં સંકળાયેલી છે (સ્ત્રોત - CRISIL રિપોર્ટ). કંપની સંપૂર્ણ રીતે સંકલિત પાવરટ્રેન સિસ્ટમ્સ પ્રદાતા છે, જે ઈલેક્ટ્રિક અને નોન-ઈલેક્ટ્રિક બંને પ્રકારના પાવરટ્રેન્સ માટે સિસ્ટમ-લેવલ અને કમ્પોનન્ટ-લેવલ પાવરટ્રેન સોલ્યુશન્સની ડિઝાઈન, પ્રોટોટાઈપિંગ, માન્યતા (validating), વિકાસ અને ડિલિવરી જેવી સેવાઓ સહિતના વ્યાપક ઉકેલો પ્રદાન કરે છે.

# અંબાણી-અદાણીની સંપત્તિ ₹1.41 લાખ-કરોડ ઘટી

- **ફોર્ચ્યુન ઇન્ડિયા ટોપ-100માં 56 અબજોપતિઓની સંપત્તિ વધી, 31ની ઘટી; 13 નવા ચહેરા શામેલ**

મુંબઇ

ફોર્ચ્યુન ઈન્ડિયાએ દેશના ટોપ-100 અબજોપતિઓની નવી યાદી બહાર પાડી છે. દેશના ટોચના 2 ધનિકોની સંપત્તિ એક વર્ષમાં 1.41 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આમ છતાં મુકેશ અંબાણી પ્રથમ અને ગૌતમ અદાણી બીજા સ્થાને યથાવત છે. ટોપ-100માં 30 ઉદ્યોગપતિઓની સંપત્તિ કુલ 4.26 લાખ કરોડ રૂપિયા ઘટી છે. તેમાં મુકેશ અંબાણીની સંપત્તિ



સૌથી વધુ 82 હજાર કરોડ રૂપિયા ઓછી થઈ, જ્યારે અદાણીની સંપત્તિ 59 હજાર કરોડ રૂપિયા ઘટી. સાવિત્રી જિંદલની સંપત્તિમાં સૌથી વધુ 1 લાખ કરોડનો વધારો થયો બીજી તરફ 56 ઉદ્યોગપતિઓની કુલ સંપત્તિ 7.70 લાખ કરોડ રૂપિયા વધી. 31ની સંપત્તિ ઘટી છે. આ વખતે 13 લોકો પ્રથમ વખત ટોપ-100માં સામેલ થયા છે. સાવિત્રી જિંદલની સંપત્તિમાં સૌથી વધુ 1 લાખ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો.

# શહેરના એરપોર્ટ વિસ્તારમાં પોલીસનો સપાટો: 12,000 લીટર દેશી દારૂનો કાચો વોશ ઝડપાયો!!

## ₹3.07 લાખનો મુદ્દામાલ જપ્ત; પ્રોહીબીશનના નામી આરોપી સામે ગુનો નોંધાયો



### » ફરાર આરોપી સામે પ્રોહીબીશનનો ગુનો

આ મામલે ભાટ ગામના રહેવાસી આનંદ ગણેશજી ઠાકોર સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી અગાઉ પણ પ્રોહીબીશનના કેસોમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું છે અને હાલમાં તેને ઝડપી પાડવા પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### » બાતમી મળતાં જ પોલીસનું ઓપરેશન

અમદાવાદ એરપોર્ટ પોલીસની સર્વેલન્સ સ્કોડ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે કદમ બંગલોઝ પાછળ સાબરમતી નદીના પટમાં મોટા પ્રમાણમાં દેશી દારૂ બનાવવા માટેનો કાચો વોશ સંતાડવામાં આવ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો.

અમદાવાદ

અમદાવાદ શહેરમાં દારૂબંધીના કાયદાનો સડસડાટ અમલ કરાવવા અને પ્રોહીબીશનની પ્રવૃત્તિઓ પર નાથ બાંધવા માટે એરપોર્ટ પોલીસે એક મોટું અને સફળ ઓપરેશન પાર પાડ્યું છે. એરપોર્ટ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડની ટીમે મિશન મોડમાં દરોડો પાડી સાબરમતી નદીના પટમાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર ત્રાટકીને રૂ. 3.07 લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમ ગેહલોત, સંયુક્ત પોલીસ કમિશનર (સેક્ટર-૨) જયપાલસિંહ રાઠોડ, નાયબ પોલીસ કમિશનર અતુલકુમાર બંસલ, મહિલા નાયબ પોલીસ કમિશનર રીના રાઠવા તથા એરપોર્ટ પોલીસ ઈન્સ્પેક્ટર એ. ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ એરપોર્ટ પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી.

આ દરમિયાન સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. પી.જી. ચાવડા અને તેમની ટીમના પો.કો. સુરેન્દ્રસિંહ તથા પો.કો. વિક્રમસિંહને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, કદમ બંગલોઝની પાછળ ખુલ્લી જગ્યામાં આવેલી છોડી દીવાલની અંદર સાબરમતી નદીના પટમાં જાહેર જગ્યા પર મોટા પાયે દેશી દારૂ બનાવવાનો કાચો વોશ સંતાડવામાં આવ્યો છે.

બાતમી મળતાં જ પોલીસે સહેજ પણ વિલંબ કર્યા વગર ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો. આરોપી આ વોશને અન્ય જગ્યાએ સગેવગે કરે તે પહેલાં જ પોલીસે તેને કબ્જે કર્યો હતો.

પોલીસે સ્થળ પરથી આશરે ૧૨,૦૦૦ લીટર કાચો વોશ (કિંમત રૂ. ૩,૦૦,૦૦૦/-) જપ્ત કરી તેને સ્થળ પર જ ઢોળીને નાશ કર્યો હતો. આ ઉપરાંત રૂ. ૭,૦૦૦ની કિંમતના ૭ પતરાના પીપ, પ્લાસ્ટિકના મેણીયા, રબરની પાઈપો અને દેશી દારૂની સીલબંધ બોટલો મળીને કુલ રૂ. ૩,૦૭,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

**નામી ગુનેગાર આનંદ ઠાકોર સામે ગુનો દાખલ**

આ મામલે પોલીસે ભાટ ગામના રહીશ અને અસામાજિક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા આનંદ ગણેશજી ઠાકોર વિરુદ્ધ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ધ પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫(બી), (સી), (એફ) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપી હાલ પોલીસ પકડથી દૂર હોઈ તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

નોંધનીય છે કે આરોપી આનંદ ઠાકોર અગાઉ પણ ૨૦૨૬માં એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં તેમજ ૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન અડાલજ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનના અનેક ગુનાઓમાં ચોપડે ચોંટી ચૂક્યો છે.

આ સફળ કામગીરીમાં પો.સ.ઈ. પી.જી. ચાવડા સાથે હે.કો. ગીરીશભાઈ, હે.કો. યોગેશકુમાર, પો.કો. પવનકુમાર, પો.કો. સુરેન્દ્રસિંહ, પો.કો. વિક્રમસિંહ, પો.કો. ધનરાજસિંહ અને પો.કો. હાર્દિકકુમાર જોડાયા હતા.

# કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત

## 'સત્ય, સાહસ, સંગઠન અને આંદોલન'ના મંત્ર સાથે ભાજપ સરકાર સામે મોરચો માંડ્યો!

અમદાવાદ

ગુજરાતમાં આગામી રાજકીય સમીકરણોને બદલવા અને જનતાના સળગતા પ્રશ્નોને વાચા આપવા માટે ગુજરાત કોંગ્રેસ આક્રમક મોડમાં આવી ગઈ છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલા (સાંસદ) નું આજે અમદાવાદ ખાતે ભૂતપૂર્વ અને ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ સર્કલથી રાજીવ ગાંધી ભવન સુધી યોજાયેલી વિશાળ બાઈક રેલીમાં રાજ્યભરના વરિષ્ઠ નેતાઓ અને યુવા કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી વિસ્તૃત બેઠક અને પત્રકાર પરિષદમાં



રણદીપસિંઘ સુરજેવાલાએ 'નવા ગુજરાતના નિર્માણ' માટે 'સત્ય, સાહસ, સંગઠન અને આંદોલન' નો ચતુર્મુખી મંત્ર આપ્યો હતો. તેમણે રાજ્ય સરકારની જનવિરોધી નીતિઓ સામે આગામી દિવસોમાં 'નવા ગુજરાતનો નવો એજન્ડા' જાહેર કરવાની જાહેરાત કરી હતી. સોલાર અને વિન્ડ પાવર કોરિડોરના નામે ખેતી નષ્ટ થવાની આરે છે. કોંગ્રેસે માંગ કરી છે કે ખેડૂતોને માત્ર વન ટાઈમ કમ્પોન્સેશન જ નહીં, પરંતુ વિન્ડ-સોલાર પાવર પ્રોજેક્ટ્સમાં કાયમી આવકના ભાગીદાર બનાવવા જોઈએ. સુરતમાં ૧૪ લાખથી વધુ ડાયમંડ વર્કર્સ આર્થિક સંકટમાં હોઈ તેમના માટે 'ડાયમંડ વર્કર્સ વેલફેર બોર્ડ' ની રચના કરી ૨૪ મહિના સુધી પગાર સુરક્ષા અને આર્થિક સહાય આપવી જોઈએ. આ ઉપરાંત ટેક્સટાઈલ ઉદ્યોગને બચાવવા ફેબ્રિક પરથી ૫% GST હટાવવાની અને જોબ વર્ક પર રાહત આપવાની માંગ કરાઈ. BAMS (આયુર્વેદિક યુનિવર્સિટી) સર્જરી પરીક્ષા સહિત ૨૦થી વધુ પેપર લીક અને ગેરરીતિની ઘટનાઓ અંગે યુવાનોના ભવિષ્ય સાથે થતા ખિલવાડ સામે કોંગ્રેસ રાજ્યવ્યાપી આંદોલન કરશે.

## અસારવા સિવિલ હોસ્પિટલમાં સિક્યોરિટીની દાદાગીરી

# દર્દીના સગા સાથે ગાળાગાળી અને ધક્કામુક્કીના વીડિયો વાઇરલ થયો

અમદાવાદ

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદના ઘેરાવામાં આવી છે. ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ જ્યાં આશા સાથે સારવાર કરાવવા આવે છે, ત્યાં જ સુરક્ષાના નામે તૈનાત કરાયેલા ખાનગી એજન્સીના સિક્યોરિટી ગાર્ડ્સની દાદાગીરી અને અસભ્ય વર્તનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. દર્દીના સગા સાથે સિક્યોરિટી ગાર્ડ દ્વારા કરવામાં આવેલી ઉગ્ર બોલાચાલી, ગાળાગાળી અને ધક્કામુક્કીના દ્રશ્યો કેમેરામાં કેદ થઈ જતાં તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. આ વીડિયો વાઈરલ થતાં જ હોસ્પિટલ વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. અસારવા સિવિલ હોસ્પિટલના વોર્ડ અને ઈમરજન્સી વિભાગ નજીક દર્દીની સાથે આવેલા સ્વજનો સાથે સિક્યોરિટી ગાર્ડે કોઈપણ વાજબી કારણ વિના તુમાખીભર્યું વર્તન કર્યું હતું. એન્ટ્રી ગેટ અને વોર્ડની અંદર જવા બાબતે થયેલી નજીવી બાબતમાં સિક્યોરિટી ગાર્ડ્સે માનવતા ભૂલીને દર્દીના સગા સાથે ગાળાગાળી કરી હતી અને તેમને ધક્કા મારીને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર ઘટના ત્યાં હાજર અન્ય અરજદારો અને પ્રત્યક્ષદર્શીઓએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધી હતી. વાઈરલ થયેલા વીડિયોમાં સિક્યોરિટી ગાર્ડ્સનો અહંકાર અને વર્તન સ્પષ્ટપણે જોઈ શકાય છે, જેમાં તેઓ દર્દીના લાચાર પરિવારજનો પર પોતાનો રોફ ઝાડી રહ્યા છે.

સુરક્ષા કચેરી કે ગુંડા તત્વોનો અડ્ડો?: હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને તેમના પરિવારજનો માનસિક રીતે અગાઉથી જ તણાવમાં હોય છે. તેવામાં સિક્યોરિટી ગાર્ડ્સ દ્વારા સહાનુભૂતિ દાખવવાને બદલે આ પ્રકારનું હિંસક અને અસભ્ય વર્તન અત્યંત શરમજનક છે.

## નોરતા નગરી આયોજન વિવાદમાં ભયાનક વળાંક

# "ચાર ડાયરેક્ટરો હોવાનો સસંસનાટીભર્યો દાવો, દર્શનભાઈ શાહને કોઈ સત્તા ન અપાઈ!"

અમદાવાદ

અમદાવાદના ચર્ચિત અને હાઈપ્રોફાઈલ ગરબા મહોત્સવ 'નોરતા નગરી' ના આયોજનને લઈને ચાલી રહેલા વિવાદમાં એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો નવો વળાંક સામે આવ્યો છે. આયોજન અને સત્તાના અધિકારોને લઈને ઊભા થયેલા આંતરિક ઘમાસાણ વચ્ચે હવે એવો સત્તાવાર અને મોટો ખુલાસો થયો છે કે આ સંસ્થામાં એક-બે નહીં પરંતુ ચાર-ચાર ડાયરેક્ટરો અસ્તિત્વ ધરાવે છે. આ સાથે જ અત્યાર સુધી આયોજનનો ચહેરો બનીને સામે આવતા દર્શનભાઈ શાહને આવી કોઈ વિશિષ્ટ કે એકચક્રી સત્તા આપવામાં આવી જ ન હોવાનો દાવો કરવામાં આવતાં ગરબા શોખીનો અને પાસ ધારકોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

મળતી વિગતો મુજબ, નોરતા નગરીના ભવ્ય આયોજન પાછળ મોટા પાયે આર્થિક અને સંચાલકીય ગરબડો ચાલતી હોવાની આશંકાઓ વચ્ચે આયોજકોની આંતરિક ખેંચતાણ હવે જાહેર શેરીઓમાં આવી ગઈ છે. સંસ્થાના સંચાલન મંડળ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નોરતા નગરીના આયોજન માટે કુલ ચાર ડાયરેક્ટરોની ભાગીદારી છે. કોઈ પણ સિંગલ વ્યક્તિ આ આખા આયોજનનો માલિક કે સર્વેસર્વા નથી.

આ વિવાદ વચ્ચે સૌથી મોટો પ્રહાર કરતા જણાવવામાં આવ્યું છે કે દર્શનભાઈ શાહને આયોજન અંગેના કોઈ આખરી કે તકનીકી નિર્ણયો લેવાની સ્વતંત્ર સત્તા આપવામાં આવી જ નથી.

આયોજનના નામે થયેલા આર્થિક વ્યવહારો, ઈવેન્ટ મેનેજમેન્ટ અને પાસ વિતરણમાં કોની શું ભૂમિકા હતી? તે અંગે ડાયરેક્ટરો વચ્ચે જ આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ થઈ જતાં મામલો વધુ ગરમાયો છે. ખેંચતાણ વચ્ચે ખેલૈયાઓ અને પાસધારકો અટવાયા!

ગરબાના આયોજન માટે કરોડો રૂપિયાનું ભંડોળ, ઈવેન્ટ મેનેજમેન્ટના કોન્ટ્રાક્ટ્સ અને ખેલૈયાઓના પાસને લઈને ઊભા થયેલા આ વિવાદે આયોજકોના પોકળ દાવાઓની પોલ ખોલી નાખી છે. ચાર ડાયરેક્ટરો વચ્ચેની આ લડાઈમાં હવે ઈવેન્ટના સ્પોન્સર્સ અને ગરબા રસિકો ખુદને છેતરાયેલા અનુભવી રહ્યા છે.

## 'ડ્રગ્સ ફ્રી અમદાવાદ' અભિયાન હેઠળ ગાંજાના મોટો જથ્થા સાથે એક આરોપી ઝબ્બે!

અમદાવાદ


અમદાવાદ શહેરને નશાના દૂષણમાંથી સંપૂર્ણપણે મુક્ત કરવા માટે અમદાવાદ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'DRUGS FREE AHMEDABAD' અને 'ZERO TOLERANCE POLICY' અભિયાન અંતર્ગત બોડકદેવ પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી અને સફળ કાર્યવાહી કરી છે. બોડકદેવ પોલીસે ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે એક શખ્સને દબોચી લઈને નશાના કારોબારીઓમાં ભારે ફાળ પાડી દીધી છે. મળતી માહિતી મુજબ, બોડકદેવ પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.જી. ખાંભલાની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ એન્ટી નાર્કોટીક્સ સેલ (NDPS) ની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ટીમને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે સરખેજ વિસ્તારનો એક શખ્સ ઓટોરીક્ષામાં ગેરકાયદેસર નશીલા પદાર્થની હેરફેર કરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડીને શંકાસ્પદ ઓટોરીક્ષાને અટકાવી ગહન તપાસ હાથ ધરી હતી.

# પતિની નજર સામે પત્નીને પલ્સર ચાલકે ઉડાવી : લગ્નના બે મહિનામાં પત્નીનું મોત

## ગણેશોત્સવનો સામાન લઈ બંને અલગ અલગ વાહન પર જતા હતા

અમદાવાદ

અમદાવાદના શીલજમાં પલ્સર બાઈક ચાલકે ગોળીની સ્પીડે એક્સેસને ઉડાવતા પતિની નજર સામે જ પત્નીનું મોત થયું છે. જે ઘટનાના ભયાનક CCTV પણ સામે આવ્યા છે. ગણેશોત્સવનો સામાન લઈને પત્ની એક્સેસ પર અને પતિ બાઈક પર 12 સપ્ટેમ્બરે રાત્રિના સમયે જતા હતા ત્યારે વળાંક પર ટર્ન લેતા સમયે બેફામ સ્પીડમાં બાઈક ચાલકે ટક્કર મારી હતી. જેમાં પત્ની 10 ફૂટ સુધી ઢસડાઈ હતી. જો કે સારવાર સમયે પત્નીનું મોત થતા પતિના રડી રડીને બેહાલ થયા છે. આ અંગે બોપલ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.



બોપલમાં રહેતા 30 વર્ષીય હાર્દિક દરજી કોરિયોગ્રાફર છે. હાલમાં સાયન્સ સીટીમાં આવેલા બ્લુમિંગ કેમ્પમાં ગરબા કલાસ ચલાવે છે. તેમના લગ્ન બે મહિના પહેલા વસ્ત્રાપુરની નિશિબેન સાથે થયા હતા. 11 સપ્ટેમ્બરે સાંજે તે ગરબા કલાસમાં ગયા હતા. બાદમાં પૂર્ણ કરીને રાત્રે પત્ની ટુ-વ્હીલર એક્સેસ અને હાર્દિક બાઈક પર ઘરે જઈ રહ્યા હતા.

ત્યારે DPS કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્ષ પાસે પહોંચ્યા હતા. જ્યાં વળાંક પર ટર્ન લેતા સમયે પુરઝડપે આવી રહેલા બાઈક ચાલકે એક્સેસને ટક્કર મારી હતી. જો કે પતિ આ ટક્કર સમયે થોડા આગળ નીકળ્યા હોવાથી તેમનો બચાવ થયો હતો. આ ટક્કર એટલી ભયાનક હતી કે, નિશિબેન એક્સેસ સાથે ઢસડાયા હતા. જેથી તેમને ગંભીર ઈજા પહોંચી હતી. પતિ હાર્દિક અને આસપાસના લોકોએ તાત્કાલિક ઈજાગ્રસ્ત નિશિબેનને સારવાર માટે હોસ્પિટલ ખસેડયા હતા. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

## સંક્ષીપ્ત સમાચાર

### ઉસ્માનપુરામાં થાર ચાલકની દાદાગીરી: કોલેજ છૂટવાના સમયે રોડ પર ભયાનક સ્ટંટ

સ્માર્ટ સિટી અમદાવાદના ઉસ્માનપુરા જેવા ધમધમતા અને શૈક્ષણિક વિસ્તારમાં રસ્તાઓ પર ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડી લોકોના જીવ જોખમમાં મૂકતી એક અત્યંત સનસનાટીભરી ઘટના સામે આવી છે. ઉસ્માનપુરા નજીક આવેલી એશિયા પેસિફિક કોલેજ છૂટવાના સમયે એક બેફામ બનેલા થાર કાર ચાલકે રોડ પર ઝિકઝેક કટ મારીને ભયાનક સ્ટંટ કરતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં લોકોમાં રોષનો વંટોળ ઊઠ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જે સમયે કોલેજ છૂટી રહી હતી અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સામાન્ય નાગરિકો રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આ રફતારના રાક્ષસ સમાન થાર ચાલકે પોતાની કારને પૂરપાટ ઝડપે દોડાવી ઝિકઝેક કટ્સ મારી સ્ટંટ કરવાનું શરૂ કર્યું હતું.

### અમરાઈવાડીમાં KYC કરાવવા ગયેલી મહિલાના ઘરે તસ્કરો ત્રાટક્યાં: પોલીસે તપાસ હાથ ધરી

અમદાવાદ શહેરના અમરાઈવાડીના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતી મહિલાના ઘરમાંથી તસ્કરો રૂ. 6.13 લાખના સોનાના દાગીના ચોરી કરી ફરાર થઈ ગયો હતો. મહિલા KYC કરાવવા બેંકમાં ગઈ ત્યારે તસ્કરોએ ઘરને નિશાન બનાવ્યું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતી સફીના અંસારી ગઈકાલે મણીનગરની બેંકમાં KYC અપડેટ કરાવવા માટે ગયા હતા. આ દરમિયાન તસ્કર તેમના ઘરમાં ઘૂસી ગયો હતો. ઘરમાં પેટીપલંગમાં દાગીનાની પેટી રાખેલી હતી. ચોરે પેટીપલંગમાંથી દાગીનાની પેટી કાઢી તેમાં રાખેલી સોનાની બંગડી સહિત કુલ 6.13 લાખના દાગીનાની ચોરી કરી હતી. સફીના બેંકનું કામ પૂર્ણ કરીને ઘરે પરત ફર્યા ત્યારે ઘરમાં સામાન અસ્ત વ્યસ્ત પડ્યો હતો અને દાગીના ચોરાયા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

### ક્રાઈમ બ્રાંચે નરોડા હંસપુરા ખાતેથી 28.19 લાખના એમડી ડ્રગ્સ સાથે ત્રણ આરોપીને ઝડપ્યાં

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નરોડામાંથી 28.19 લાખના ડ્રગ્સ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. ત્રણેય આરોપીઓ મધ્યપ્રદેશથી ડ્રગ્સનો જથ્થો લઈને અમદાવાદમાં ડિલિવરી આપવા આવ્યા હતા. અમદાવાદમાં ડ્રગ્સની ડિલિવરી કોને આપવાની હતી તે મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. મધ્ય પ્રદેશથી ડ્રગ્સ મોકલનાર અને ડિલિવરી આપવા આવનાર એમ કુલ ચાર સામે ગુનો નોંધ્યો છે. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એસ.જે જાડેજાની ટીમને બાતમી મળી કે, નરોડા-હંસપુરા ચાર રસ્તા પાસે બ્લેક કલરની કારમાં ડ્રગ્સનો મોટો જથ્થો છે, જેથી પોલીસે બ્લેક કલરની શંકાસ્પદ કારને રોકી તપાસ કરી હતી. જે દરમિયાન કારમાંથી ડ્રગ્સનો જથ્થો મળી આવતાં પોલીસે મધ્યપ્રદેશના અસ્લમ મંસુરી, ઈમરાન મંસુરી અને શેજાદ મંસુરીને ઝડપી લીધા હતા. ત્રણેય પાસેથી પોલીસે કુલ 28.19 લાખ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે.

### આશ્રમ રોડ પર વૃદ્ધને રીક્ષામાં બેસાડીને 20 હજારની લૂંટ કરી : ચાલક ફરાર

અમદાવાદના આશ્રમ રોડ પર નિવૃત સરકારી કર્મચારી સાથે લૂંટની ઘટના બની છે. નિવૃત વૃદ્ધ ગાંધીનગરથી દર્શન કરવા અમદાવાદ આવ્યા હતા. વૃદ્ધ પરત જતા હતા ત્યારે આશ્રમ રોડ પર એક રીક્ષા ચાલકે વૃદ્ધને રીક્ષામાં બેસાડીને ધમકી આપીને લૂંટી લીધા હતા. વૃદ્ધે સમગ્ર મામલે પોલીસને જાણ કરતા નવરંગપુરા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. ગાંધીનગરમાં રહેતા 76 વર્ષીય કેશાભાઈ મકવાણા સરકારી નોકરીમાંથી નિવૃત થયા છે. કેશાભાઈ ગાંધીનગરથી અમદાવાદ લાલદરવાજા ભદ્ર મંદિર દર્શન કરવા આવ્યા હતા. દર્શન કરીને સાંજના સમયે પરત જવા આશ્રમ રોડ પર નટરાજ સિનેમાના બસ સ્ટેન્ડ પર ઊભા હતા ત્યારે એક રીક્ષા આવી હતી.

### સરદારનગરના 'કોમલ જ્વેલર્સ'નો માલિક કરોડો રૂપિયાનું સટાસટી કરી છૂમંતર

અમદાવાદના એરપોર્ટ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા સરદારનગર માર્કેટમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીભર્યો છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. સરદારનગરમાં આવેલી જાણીતી 'કોમલ જ્વેલર્સ'ના માલિકે ગ્રાહકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ આચરીને રાતોરાત બુચ્ચો મારી દીધો હોવાના ગંભીર આક્ષેપો સાથે હંગામો મચી ગયો છે. સૂત્રો અને પીડિત ગ્રાહકો પાસેથી મળતી પ્રાથમિક માહિતી મુજબ, કોમલ જ્વેલર્સના માલિકે સોના-ચાંદીના દાગીનાના ઘડામણ, એડવાન્સ બુકિંગ અને રોકાણની લોભામણી યોજનાઓની જાળમાં અનેક નિર્દોષ લોકોને ફસાવ્યા હતા. ગ્રાહકોએ પોતાની મહેનતની કમાણીમાંથી કરોડો રૂપિયાની માતબર રકમ અને સોનાના દાગીના આ જ્વેલર પાસે જમા કરાવ્યા હતા.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI